

# જીવનપથ

₹ 10/-





Vol. No. 17, Issue No. 11
(રૂા. ૧૦/- પ્રચાર અર્થે)
Mumbai, 15th August 2025
Website : www.jeevanjyot.in
Total 44 Pages
E-mail : jeevan_jyot@yahoo.in




ૐ સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા ।

'શ્રી જલારામ અન્નદાન ક્ષેત્ર... જય શ્રી જલારામ બાપા'
સામાજીક લોકહિત ધરાવતું, બિનધંધાદારી મુખપત્ર
'જીવન જ્યોત®' કેન્સર રિલીફ ઍન્ડ કેર ટ્રસ્ટ'નું નજરાણું






## તસ્વીર બોલે છે 'માતુશ્રી કાંતાબેન ચુનીલાલ ગગલદાસ શાહ (સેરીસા-ખેતવાડી)' પ્રેરીત જીવદયાની



ચકલીનાં બચ્ચાને બિલાડીના મોઢામાંથી છોડાવી સંસ્થાના કાર્યાલયમાં લાવી તુરંત સારવાર આપી ચકલીનાં બચ્ચાને હૂંફ અને લાગણીથી ખવડાવી-પીવડાવી સારવાર બાદ ગગન વિહાર માટે મુક્ત કર્યું.

ગરીબ નિરાધાર કેન્સરગ્રસ્ત દર્દીઓના અન્નક્ષેત્રમાં તથા જીવદયા અને ટોય લાયબ્રેરીમાં અનુદાન આપનાર અને આ અંકના સૌજન્યદાતા

## શ્રી નરશી મૂળજી શાહ જખુબાપા (વડાલા)

# તસ્વીર બોલે છે ક્રેન સાથેની એમ્બ્યુલન્સના ઉદ્‌ઘાટનની









**મુંબઈના ધમધમતા ટ્રાફિકમાં અકસ્માતમાં ઘવાયેલી ઝખમી ગાયને ઉપાડી લઈ જઈ શકાય એવી ક્રેનવાળી એમ્બ્યુલન્સ ન હોવાથી માટુંગા વિસ્તારમાં બે દિવસથી ગાય જગ્યા પર જ પીડાઈ રહી હતી. સંસ્થાના સ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરખચંદભાઈ સાવલા (બાડાવાલા)ને જાણ થતાં તરત જ ૨૫ લાખ રૂપિયાની ક્રેન સાથેની એમ્બ્યુલન્સ બનાવવાનો ઓર્ડર આપી તૈયાર કરાવડાવી. જેનું ઉદ્‌ઘાટન શ્રીમતી પંકજા મુંડે, મહારાષ્ટ્રના પશુપાલન અને ડેરી વિકાસ મંત્રી *(Minister of Animal Husbandry and Dairy Development of Maharashtra)* ના વરદ હસ્તે મહાનુભવોની હાજરીમાં પરીપૂર્ણ થયું.**

સ્થાપના : ૧૯૮૩

# જીવન જ્યોત®

## કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ


૫/૬, કોંડાજી ચાલ, ટાટા હૉસ્પિટલની બાજુમાં, પેટ્રોલ પંપની સામે,
જેરબાઈ વાડિયા રોડ, પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૨.
ટેલી.: ૯૮૬૯૨૦૬૪૦૦/૯૦૭૬૧૬૯૩૫૫



**જીવનપથ**

*પથદર્શક* : **સ્વ. ખેતશી માલશી સાવલા** (રાયણવાળા)

*સ્થાપક* :
**હરખચંદ કે. સાવલા** (બાડા)

**પ્રકાશકઃ જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ**

**બ્રાંચ ઓફિસો**

**જલગામ ઓફિસ**
શાહ રાઘવજી લાલજી સતરા (ગુંદાલા)
૧૦૯, પોલન પેઠ, જળગામ ૪૨૫૦૦૧.
મો. ૦૯૬૭૩૩૬૪૨૯૦

**કલકત્તા ઓફિસ :**
**વિનેશ શેઠ (ગોપાલ)**
૫, ગ્રાઉન્ડ ફલોર, ખૈરૂ પ્લેસ,
કલકત્તા - ૭૦૦૦૭૨

**સાંગલી - કોલ્હાપુર**
મીના જેઠાલાલ મારૂ (હાલાપર)
મો. ૭૭૦૯૯૦૦૪૩૩

**નાલાસોપારા ઓફિસ :**
૧૨, લક્ષ્મી શોપિંગ સેન્ટર, રાધાકૃષ્ણ હોટલની બાજુમાં, તુલીંજ રોડ, નાલાસોપારા (ઈ)
ખુશ્બુ ગાલા- ૮૯૨૮૭૬૫૩૦૧

**જીવન જ્યોત મેડિકલ સેંટર,**
આર/૩, શ્રી સ્વામી સમર્થ સોસાયટી, દાદોજી કોંડદેવ સ્ટેડિયમની સામે, થાણે (વેસ્ટ), પીન -૪૦૦ ૬૦૧.


### જ્યાં પાના ફરે ત્યાં


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૫ |
| ચિંતનના ચિદાકાશમાં | ૭ |
| હઠ યોગની મુદ્રા - મહાવેદ મુદ્રા | ૯ |
| ભગવાન મહાવીર સ્વામીના મસ્તક પર સૂર્ય તિલક | ૯ |
| પ્રતિક્રમણ એટલે શું? | ૧૧ |
| પર્વાધિરાજના પુનિત પધરામણા | ૧૨ |
| મારી ક્ષમાપનામાં સ્પીડ બ્રેકર પઝેસિવનેસ | ૧૪ |
| દુઃખનો સ્વીકાર | ૧૭ |
| તત્ત્વચિંતક અને વિદ્વાન - શ્રી કુમારપાળ દેસાઈ | ૧૮ |
| સત્સંગની ભૂમિકા | ૨૧ |
| ભગવાન શ્રી મહાવીરનાં પંચ મહાવ્રત | ૨૩ |
| તારંગા જૈન તીર્થ | ૨૬ |
| નવલકથા- 'કુંતી' | ૨૯ |
| પર્વાધિરાજ પર્યુષણ | ૩૩ |
| શ્રી નરેન્દ્ર મોદીના નવ સંકલ્પ | ૩૬ |
| પર્યુષણ ઉપયોગી - ગરમાણું | ૩૯ |
| સાચું જ્ઞાન | ૪૦ |
| પર્યુષણ પ્રતિક્રમણ | ૪૨ |



*જીવનપથ દર મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.*
*(કાયદાકીય અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.)*

હવે વેબસાઈટ ઉપર "જીવનપથ" વાંચી શકો છો. **www.jeevanjyot.in**

★ ટ્રસ્ટ રજી. નં. P.T.R.E.-17259 (M) ★ F.C.R.A. 083780700
★ CSR Registration No. CSR 00002659
★ Donation Exe. U/S 80 G (S) of I.T. Act obtained permanently vide No. TECH/MC.ME/80G/53
Email : jeevan_jyot@yahoo.in

ૐ અરિહંતે નમો નમઃ

*સંસારના પ્રત્યેક જીવની પ્રત્યેક પળ મંગલમય થાય એવી ભાવના મારી હર પળ હો...*

## તંત્રીના ટેબલ પરથી.....

# નવકાર મહામંત્ર દિવસને પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન

નવકાર મહામંત્ર એક માર્ગ છે. એવો માર્ગ કે જે માનવીને અંદરથી શુદ્ધ કરે છે. જે માનવીને સૌહાર્દની રાહ દેખાડે છે. નવકાર મહામંત્ર સાચા અર્થમાં ધ્યાન, સાધના અને આત્મશુદ્ધિનો મંત્ર છે.

આપણે જાણીએ છીએ કે જીવનના નવ તત્ત્વો છે. આ નવ તત્ત્વ જીવનને પૂર્ણતા તરફ લઈ જાય છે અને તેથી જ આપણી સંસ્કૃતિમાં નવનું વિશેષ મહત્ત્વ છે.

**નવકાર મહામંત્ર** કહે છે કે સ્વયં પર વિશ્વાસ કરો, સ્વયંની યાત્રા શરૂ કરો. દુશ્મન બહાર નહીં પણ આપણી અંદર જ છે. નકારાત્મક વિચારો, અવિશ્વાસ, વૈમનસ્ય જ આપણા શત્રુ છે. જેના પર જીત મેળવવી એ જ સાચો વિજય છે. આમ જૈન ધર્મ આપણને બહારની દુનિયા નહીં પણ ખુદને જીવવાની પ્રેરણા આપે છે.

આપણી આસ્થાનું કેન્દ્ર નવકાર મહામંત્ર સમાજને સાચી રાહ દેખાડે છે.

* * *

# પર્વાધિરાજ પર્યુષણ : આંતરજીવનની શુધ્ધિ-સાધનાનું મહાપર્વ

પર્વાધિરાજ પર્યુષણ પર્વ એટલે વ્યક્તિની ભીતરમાં બિરાજમાન આત્મદેવતાની આરાધનાનો અદ્ભુત્ય અવસર.

આત્મશુધ્ધિ, હૃદયશુધ્ધિ અને ચિત્તશુધ્ધિનો આ પરમ પવિત્ર પર્વ છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં આપની આધ્યાત્મિક શક્તિ વધે તથા ધાર્મિક અને આધ્યાત્મિકતાના રાજપથ પર આપની તથા આપના કુટુંબીજનોની જીવનનૈયા સહજતાથી આગળ વધે એવી ધાર્મિક શુભેચ્છાઓ.

વિતેલ સંપૂર્ણ વર્ષ દરમિયાન જાણતા-અજાણતાં મન, વચન, કાયા, વાણી કે લખાણથી કોઈના મૃદુ હૃદયને ઠેશ પહોંચી હોય તો જીવન જ્યોત સંસ્થાવતી અંતઃકરણપૂર્વક 'મિચ્છામી દુક્કડમ્ !' ■

# -: ખાસ નોંધ :-

સંસ્થાની ઉત્કૃષ્ટ કામગીરી નિહાળી ગર્વમેન્ટ ઑફ ઈંડિયાની મિનીસ્ટ્રી ઑફ ફાઈનાન્સ તરફથી વિદેશથી અનુદાન સ્વીકારવાની વિશેષ મંજૂરી મળી છે. તો જે પણ દાતા અનુદાન આપવા ઈચ્છતા હોય તેઓ **FCRA**ના બેંક એકાઉન્ટ નં. સંસ્થાના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી.

જાણવા મળ્યા પ્રમાણે કોઈક અજ્ઞાત વ્યક્તિ જીવન જ્યોત સંસ્થાનું નામ વાપરી ડુપ્લીકેટ રસીદ અને સર્ટીફીકેટ છપાવી અનુદાન ભેગું કરી રહ્યા છે. દાતાઓને જરાક પણ કોઈ શંકા લાગે તો જીવન જ્યોત સંસ્થાના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી.

છાપા, ચોપડા, પસ્તી, કપડાં, રમકડાં, દવાઓ, ઘરવખરીની વસ્તુઓ તેમજ વિવિધ સ્ક્રેપ જીવન જ્યોત સંસ્થાની રસીદ વગર ન આપવા નમ્ર વિનંતી.

## શ્રી જલારામ અન્નક્ષેત્ર

શ્રી એલ.ડી. શાહ (બિદડા) પ્રેરિત શ્રી જલારામ અન્નક્ષેત્ર ટાટા હોસ્પિટલ પાસે, વાડિયા હોસ્પિટલ પાસે તથા જે.જે. હોસ્પિટલની અંદર બહારગામથી આવેલ કેન્સરગ્રસ્ત તથા અન્ય મોટી બિમારી લઈને મુંબઈને આંગણે સારવાર લેવા આવતા પરિવારો માટે કાર્યરત છે જેમાં નિર્ધન, નિરાશ્રિત એવા પરિવારો મોટે ભાગે લાભ લે છે. આપ આપનું અનુદાન **જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ**નો **સેવિંગ એકાઉન્ટ** નીચે આપેલ બેંકમાં ડ્રાફ્ટ, ચેક અથવા રોકડેથી ભરી શકશો. કાઉન્ટર સ્લીપ અમને પોસ્ટ કરો ને ફોન પર અમને જાણ કરો કે કઈ યોજના માટે તમે પૈસા ભર્યા છે. તો અમે તમને સર્ટીફાઈડ રસીદ મોકલી આપીશું.

**દાતા પાસેથી ઉપરોક્ત વિગત ન મળવાથી આપના આપેલ અનુદાનની રકમ પર સંસ્થાને ૩૩% ટેક્ષ ભરવો પડે છે. જેનાથી કેન્સરગ્રસ્ત દર્દીઓ માટે ફંડ ઓછું વાપરી શકીએ છીએ.**

**સંપર્ક મો. ૯૮૬૯૨૦૬૪૦૦/૯૦૭૬૧૬૯૩૫૫**

| બેંકનું નામ / IFSC નં. | ખાતા નં. | બ્રાંચ |
|---|---|---|
| એચ.ડી.એફ.સી.બેંક HDFC0000357 | ૧૪૭૩૧૪૫૦૦૦૦૦૧૭ | પરેલ |

# પુણ્યનું ભાથુ બાંધવા માટેના વિકલ્પો

| | |
|---|---|
| એક સમયનું સંપૂર્ણ સાદુ ભોજન | ૧૪,૫૦૦/- |
| એક સમયનું સંપૂર્ણ મિષ્ટાન ભોજન | ૨૬,૦૦૦/- |
| એક સમય ફ્રી ભોજન (ટાટા હોસ્પિટલ પાસે) | ૪,૦૦૦/- |
| એક સમય ફ્રી મિષ્ટાન ભોજન (ટાટા હોસ્પિટલ પાસે) | ૭,૦૦૦/- |
| જમવા માટેની પંચવર્ષીય મિતી યોજના (ટાટા હો.) | ૧૮,૦૦૦/- |
| જમવા માટેની કાયમી મિતી યોજના (ટાટા હો. પાસે) | ૪૫,૦૦૦/- |
| આખો દિવસ હળદર, સાકર વાળુ દુધ (ટાટા હો. પાસે) | ૭૦૦/- |
| એક સમય ફ્રી ભોજન (જે. જે. / વાડિયા હોસ્પિટલ પાસે) | ૪,૦૦૦/- |
| એક સમય ફ્રી મિષ્ટાન ભોજન (જે. જે. / વાડિયા હોસ્પિટલ પાસે) | ૭,૦૦૦/- |
| એક સમય ફ્રી ભોજન (સાંગલી હોસ્પિટલ) | ૨,૫૦૦/- |
| એક સમય ફ્રી મિષ્ટાન ભોજન (સાંગલી હોસ્પિટલ) | ૫,૦૦૦/- |
| વિશેષ સભ્ય | ૩૧,૦૦૦/- |
| બ્લડ ડોનેશન કેમ્પ | ૪૦,૦૦૦/- |
| દર્દીઓની એક દિવસની પિકનીક | ૩૦,૦૦૦/- |
| ચેરી. એલોપેથીક ડિસ. માસિક ખર્ચ | ૩૦,૦૦૦/- |
| એક કેન્સર ચેકઅપ કેમ્પ (૧૦૦ વ્યક્તિ) | ૪૦,૦૦૦/- |
| વિવિધ પ્રકારના મેડીકલ ચેકઅપ કેમ્પ (૧૦૦ વ્યક્તિ) | ૪૦,૦૦૦/- |
| ટોયબેંક માસિક ખર્ચ | ૨૦,૦૦૦/- |
| ચેરી. હોમિયોપેથીક ડિસ. માસિક ખર્ચ | ૧૫,૦૦૦/- |
| મહિને ૧ દર્દીના (દત્તક) | ૨૫,૦૦૦/- |
| મહિને પ્રતિ દર્દીનું રેડીયેશનનો ખર્ચ | ૧૫,૦૦૦/- |
| એક મહિનાની કબુતરની દવા | ૭,૫૦૦/- |
| એક દિવસીય અનાજ માટેનો નકરો | ૨,૫૦૦/- |
| સામાન્ય સભ્ય | ૨,૦૦૦/- |
| એક દિવસીય સૂકા ઘાસનો નકરો | ૨,૦૦૦/- |
| એક દિવસીય લીલા ઘાસનો નકરો | ૧,૫૦૦/- |
| એક દિવસીય ગાય માટે રોટલી | ૧,૦૦૦/- |
| એક દિવસીય કુતરા માટે દૂધ | ૧,૦૦૦/- |
| વિવિધ કબુતરખાનામાં ચણનો નકરો | ૧,૦૦૦/- |
| એમ્બ્યુલન્સ | ૧,૦૦૦/- |
| ઓઝોનથેરેપી | ૫૦૦/- |
| દાતાને નામે કાયમી યોજના | ૧૨,૫૦,૦૦૦/- |
| સ્પોન્સરશીપ -૧ વર્ષના | ૧,૨૫,૦૦૦/- |
| પેટ્રનશીપ | ૧,૨૫,૦૦૦/- |
| વાઈસ પેટ્રનશીપ | ૭૫,૦૦૦/- |

# ચિંતનના ચિદાકાશમાં

**- શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ**

એ લગભગ વૈશાખ મહિનો હતો. સાયનથી વિહાર કરીને અમે માટુંગા આવ્યા હતા. સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં છેલ્લો વરસાદ નહોતો પડ્યો એટલે ઘાસની મુશ્કેલી ઊભી થયેલી. પાંજરાપોળોની હાલત થોડીક વિકટ બની હતી અને એમાં પાછો ઉનાળો ચાલુ થઇ ગયો હતો. પાણીનીય ખેંચ ચાલુ થઇ ગઇ હતી.

દર બે-ત્રણ દિવસે એકાદ પાંજરાપોળના બે-ત્રણ ટ્રસ્ટીઓ તો આવીને ઊભા જ રહે.

''સાહેબ ! થોડીક ટીપ કરાવી આપો તો અબોલ અને નિર્દોષ પશુઓનું જીવન બચી જાય. ઘાસ મોંઘું છે અને પાણી તો લગભગ ખૂટવા આવ્યું છે. બોર નાખ્યાં છે પણ ખૂબ ઊંડે સુધી ગયા વિના પાણી નથી આવતું. મુંબઇ પાસે છાતી છે. ઉદાર દિલવાળા શ્રાવકો અહીં વસે છે. આપ પ્રેરણા કરો. અમને બળ અને પ્રોત્સાહન મળશે.''

એમના શબ્દોમાં કાકલૂદી હતી. જીવો પ્રત્યેનો દયાભાવ હતો. એમની આ લાગણીની અવગણના કરી શકાય તેમ નહોતું. માટુંગા-જીવણ અબજી જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓને વાત કરી.

''પ્રવચનમાં જીવદયાની ટીપની વાત મૂકીએ તો ?''

''સાહેબ ! ખુશીથી મૂકો.''

''આજે જ મૂકું કે કાલે ?''

''આજે અને કાલે બન્ને દિવસે !!''

''જે પણ રકમ ભેગી થશે એ તાત્કાલિક જરૂરિયાતવાળી પાંજરાપોળોને આપી દેવાની છે. બેંકમાં જમા કરાવવાની નથી એ ખ્યાલ રાખજો.''

''સાહેબ ! એમ જ થશે.''

અને પ્રવચનમાં જીવદયા અંગે સારી એવી પ્રેરણા કરતાં 'એક લાખ રૂપિયા એક સદ્‌ગૃહસ્થ તરફથી' ત્યાંથી શુભ શરૂઆત થઇ. અન્ય ભાગ્યશાળીઓએ પણ પોતાની ભાવના મુજબ રકમ લખાવી.

બીજે દિવસે પ્રવચનમાં પુનઃ એ જ વિષય પર પ્રકાશ પાડતાં એ દિવસે પણ 'એક લાખ રૂપિયા એક સદ્‌ગૃહસ્થ તરફથી' ત્યાંથી શુભ શરૂઆત થઇ અને

અન્ય ભાગ્યશાળીઓએ પણ પોતાની ભાવનાનુસાર રકમ લખાવી.

હવે બન્યું એવું કે એ દિવસોમાં વાલકેશ્વરમાં રહેતા એક પરિવારનો નાનો બાબો અમારી પાસે થોડા દિવસ સંસ્કાર મેળવવા આવ્યો હતો. રોજના પાંચ સાત સામાયિક કરે, થોડુંક ભણે, પૂર્વના મહાપુરુષોની કથાઓ સાંભળે, ઠાઠથી અષ્ટપ્રકારી પૂજા કરે અને દિવસ પૂરો કરે.

વાલકેશ્વર જેવા વિસ્તારમાં ઘર હોવા છતાં એ પરિવારને ત્યાં આજ સુધી તો ટી.વી. આવ્યું નથી અને એ હિસાબે બાળકોમાંય સંસ્કારો સારા ટકયા છે.

પ્રવચન કરીને હું ઉપર આવ્યો ત્યારે એ બાબાને પૂછ્યું ''પ્રવચન સાંભળ્યું?''

''સાંભળ્યું તો ખરું પણ એમાં મને બહુ સમજાયું નહીં. મોટાઓને જ સમજાય એવું પ્રવચન હતું.''

''પણ પ્રવચનમાં જીવદયાની ટીપ થઇ એનો તો તને ખ્યાલ આવ્યો ને?''

''હા,''

''આજે સૌથી વધુ કેટલા રૂપિયા લખાયા ?''

''એક લાખ.''

''અને ગઇકાલે ?''

''એક લાખ.''

''હવે હું પૂછું એનો બરાબર જવાબ આપીશ ?''

''હા, પૂછો.''

''તું મોટો થાય અને પ્રવચનો તને સમજાવા લાગે. એમાં કો'ક મહારાજ સાહેબ આજની જેમ જીવદયા માટે પ્રેરણા કરે તો એ વખતે તું શરૂઆત લાખ રૂપિયાથી જ કરીશ ને ?''

''ના.''

''તો વધુ રકમ બોલીશ ?''

''ના.''

''તો ?''

''હું એક પણ રૂપિયાની રકમ નહીં બોલું. કારણકે એ વખતે મેં તો દીક્ષા લઇ લીધી હશે. દીક્ષાજીવનમાં ટીપમાં રકમ થોડી લખાવાય ?''

ધન્ય સંસ્કાર ! ધન્ય જિનશાસન ! ■

# ભગવાન મહાવીર સ્વામીના મસ્તક પર સૂર્ય તિલક

**- હીરેન મોતા**

આજે સૂર્યની ઊર્જાની મહત્તા વધી રહી છે ત્યારે સૂર્યના પ્રત્યક્ષ ચમત્કાર જેવી ઘટના દર વર્ષે ૨૨મી મેના રોજ અમદાવાદ-ગાંધીનગર હાઈવે પર આવેલા મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબાના દેરાસર ખાતે જોવા મળે છે. જે અંતર્ગત બપોરે ૨.૦૭ મિનિટે ભગવાન મહાવીર સ્વામીના ભાલે સૂર્ય તિલક થાય છે. આ નજારો અહીં વર્ષ ૧૯૮૭થી જોવા મળી રહ્યો છે.

આ કોઈ ચમત્કાર નથી પરંતુ શિલ્પ શાસ્ત્ર, ગણિત શાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રના સમન્વયથી બનતી ઘટના છે. આ ઘટના થવાનું કારણ છે કે સૂર્યની ગતિ નિશ્ચિત છે અને જ્યોતિષશાસ્ત્ર મુજબ પણ સૂર્ય ક્યારેય વક્ર ગતિ નથી કરતો. તે અનુસાર પણ ચોક્કસ સમયે એવી રીતે આ દેરાસરનું નિર્માણ થયું છે કે દર વર્ષે ૨૨મી મેના રોજ બપોરે અહીં સૂર્ય તિલક થાય છે. આ નજારો જોવા દેશભરમાંથી લોકો કોબા દેરાસર આવે છે.

ઘણાં વર્ષોથી આ સૂર્ય તિલક થાય છે અને હજુ સુધી કોઈ વાદળ કે કોઈ પણ પ્રાકૃતિક આપદાને કારણે સૂર્ય તિલક ન થયું હોય એવો પ્રસંગ બન્યો નથી. એકવાર એવું બન્યું હતું કે બપોરે વાદળ ઘેરાઈ ગયા હતા અને સૂર્ય દેખાતો બંધ થયો હતો. પણ ૨.૦૫ કલાકે વાદળ હટી ગયા અને સૂર્ય તિલક થયું.

કદાચ આ વિશ્વનું એક માત્ર જિનાલય કહી શકાય કે જ્યાં સૂર્ય તિલકનો આ પ્રમાણે નજારો જોવા મળે છે. સાથે જ આ અદ્‌ભૂત ઘટના જીવનમાં યશ, કીર્તિ અને ઉન્નતિકારક બની રહે છે.

જૈન ધર્મમાં સૂર્યના વિષયને લગતું એક સ્વતંત્ર આગમ રચાયેલું છે જેનું નામ સૂર્ય પ્રજ્ઞપ્તિ છે. ભારતીય પરંપરામાં સૂર્યનું ખૂબ જ મહત્ત્વ છે. સૂર્યને આરોગ્ય આપનાર દેવ પણ કહેવામાં આવ્યા છે.

આ જગ્યાએ જૈનાચાર્ય કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા.ને અંતિમ સંસ્કાર આ દિવસે અને સમયે આપવામાં આવ્યા હતા. તેમની સ્મૃતિ કાયમ રહે એ હેતુથી આ દિવસ અને સમય પસંદ કરવામાં આવ્યો છે. ■

## સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં કેટલીક પ્રવૃત્તિઓ દાતાઓના નામથી ચાલે છે જેમાં મુખ્યત્વે :

૧) શ્રીમતી નલિનીબેન બિપિનચંદ્ર મહેતા : કેન્સર ડિટેક્શન સેન્ટર
૨) શ્રીમતી ચંપાબેન ઝુમખરામ શાહ : કોલોસ્ટોમી બેગ સેન્ટર
૩) શ્રીમતી સાકરબેન એલ. ડી. શાહ (બિદડા) : જલારામ અન્નદાન ક્ષેત્ર
૪) શ્રીમતી ઉષાબેન મણિલાલ ગાલા (કાંડાગરા-ગોરેગામ) : જલારામ અન્નદાન ક્ષેત્ર
૫) શ્રીમતી પુષ્પાવંતી કિશોરભાઈ ભોજરાજ (મેરાઉ) : એમ્બ્યુલન્સ સેવા
૬) શ્રીમતી નયનાબેન બિપીનભાઈ દાણી (માટુંગા) : વરિષ્ઠ નાગરીક આઈકાર્ડ સેવા
૭) શ્રી મહેન્દ્રભાઈ મણિલાલ ગાંધી (લિંબોદ્રા) : બ્લેક મોલાઈસીસ દવા
૮) શ્રી ડુંગરશી મુલજી મારૂ (કારાઘોઘા) : આધુનિક ઉપકરણો
૯) કુ. સાઈશા-નાઈશા દાણી (માટુંગા) : ટોયબેંક
૧૦) માતુશ્રી ખેતબાઈ દેવરાજ મારૂ (હાલાપુર) : ચેરી. ડિસ્પેન્સરી
૧૧) માતુશ્રી કાંતાબેન ચુનીલાલ ગગલદાસ શાહ (સેરીસા): જીવદયા
૧૨) માતુશ્રી ચંદ્રાબેન જયંતિલાલ ચત્રભુજ મોદી : હલ્દી દુધ યોજના
અને માતુશ્રી લાછબાઈ હીરજી કરમશી ભેદા (સમાઘોઘા)
૧૩) શ્રી હરીરામ માથુરામ અગ્રવાલ (ચેમ્બુર) : ફ્રુટ વિતરણ
૧૪) માતુશ્રી સુશીલાબેન કાંતિલાલ દાણી (હરસોલ): એનિમલ એમ્બ્યુલન્સ મેઈન્ટેનેંસ
૧૫) માતુશ્રી લલિતાબેન બિહારીલાલ શાહ (સાંતાક્રુઝ): ઓઝોન થેરેપી સેન્ટર
૧૬) માતુશ્રી તારાબેન જયંતિલાલ વાઘાણી (માટુંગા): જીવન જ્યોત ડ્રગ બેંક
૧૭) દેવીકા સોમચંદ લાલકા (અમલનેર)
(સ્વ. કુ. હંસાબેન રતનશી લોડાયા) : કોમ્પીટીશન યોજના
૧૮) મયુરભાઈ મહેતા તથા જીતેન્દ્રભાઈ પારેખ : એમ્બ્યુલન્સ નિભાવ ફંડ
૧૯) માતુશ્રી ઈંદુમતિબેન મહેન્દ્રભાઈ ગાંધી (લિંબોદ્રા): પેથોલોજી લેબ
૨૦) શ્રીમતી મંજુલાબેન નટવરલાલ શાહ (હરસોલ) : બ્લડ બેંક
૨૧) શ્રી નટવરલાલ બુલાખીદાસ શાહ (હરસોલ) : મેડિકલ કેમ્પ
૨૨) શ્રીમતી નલિનીબેન રસીકભાઈ જાદવજી શાહ : એમ્બ્યુલન્સ સેવા
૨૩) સ્વ. શ્રી ઈન્દરચંદ લખ્ખીચંદ ખીંવસરા (ધુલિયા) : પસ્તી યોજના
૨૪) ડૉ. રમેશ મંત્રી : અનાજ વિતરણ
૨૫) શ્રીમતી સાકરબેન પ્રેમજી ચેરીટેબલ ટ્રસ્ટ (વર્લી): કેમોથેરેપી વિભાગ

***સમાજને ઉપરોક્ત પ્રવૃત્તિઓમાં લાભ લેવા વિનંતી.***

# પ્રતિક્રમણ એટલે શું?

પર્યુષણના દર ૮ દિવસની શરૂઆત પરોઢના પ્રતિક્રમણથી કરવાની હોય છે. ત્યાર બાદ વિશ્વશાંતિ અને ભાઈચારા માટે પ્રાર્થના કરવામાં આવે છે. પ્રતિક્રમણનો અર્થ થાય છે 'પાછા ફરવું' આ સામાયિક તરીકે ઓળખાતી એક ધ્યાનવિધિનો પ્રકાર છે જે દરમિયાન વ્યક્તિને તેના જીવનના આધ્યાત્મિક પાસા પર વિચાર કરવાનો રહે છે.

**પ્રતિક્રમણમાં છ (૬) આવશ્યક છે.**

૧. સામાયિક - અહંભાવને ત્યાગીને સમતાભાવમાં રહેવું
૨. ચૌવિસંથો - ૨૪ તીર્થંકરોની સ્તુતિ
૩. વંદના - દેવગુરુ આદિને વંદન
૪. પ્રતિક્રમણ કે ભૂતકાળમાં કરેલ વ્રતભંગ કે અનૈતિક વ્યવહારની ક્ષમાયાચના.
૫. કાર્યોત્સર્ગ - નિયંત્રણ દ્વારા શરીરથી છૂટા પડવું
૬. પ્રત્યાખ્યાન - નિયમ કે વ્રત લેવું.

આમ તો પ્રતિક્રમણ દિવસમાં બે વખત સવાર અને સાંજ, દર પખવાડિયે એક વખત, દર ચાર મહિને અથવા દર વર્ષે એક વખત એમ છે. દર વર્ષે એક વાર્ષિક પ્રતિક્રમણ કરવું એ શ્રાવક માટે ફરજિયાત માનવામાં આવે છે, જેને સંવત્સરી પ્રતિક્રમણ કહેવાય છે. આ દિવસ પર્યુષણ સાથે આવતો હોવાથી સંવત્સરી અને પર્યુષણને એકબીજાના સમાનાર્થી તરીકે પણ ગણવામાં આવે છે.

આ પર્વની સમાપ્તિએ બધા શ્રાવકો એકબીજા પાસે વિતેલ વર્ષ દરમિયાન પોતાના દ્વારા કરેલા દુષ્કૃત્યો કે મનદુઃખ બદલ ક્ષમા માંગે છે. 'મિચ્છામી દુક્કડમ્' બોલીને એકબીજાની ક્ષમા માંગવામાં આવે છે, જેનો અર્થ એવો થાય છે કે 'જો જાણતાં અજાણતા મારા કોઈ કૃત્ય કે શબ્દ દ્વારા કે અન્ય કોઈ પણ રીતે આપનું મન દુઃખ થયું હોય તો હું આપની ક્ષમા યાચના કરું છું.' ■

**વાચક ગણ, જીવનપથમાં પ્રસિધ્ધ થતાં લેખ-કાવ્ય-નવલિકા-નોવેલ તથા અન્ય લખાણ જે તે લેખકોના મંતવ્ય હોય છે, એમાં પ્રસિદ્ધ થતાં કોઈપણ લેખ કે અન્ય સાહિત્ય સાથે તંત્રી મંડળ કે ટ્રસ્ટી મંડળ સહમત છે એમ માની લેવું નહીં. આ આખો પ્રયાસ કેન્સરગ્રસ્ત દર્દીઓના ઉત્થાન માટે છે. છતાં ઉપસ્થિત થનાર વાદ માટે ન્યાયક્ષેત્ર મુંબઈ રહેશે. - *જીવનપથ તંત્રી મંડળ***

# પર્વાધિરાજના પુનિત પધરામણા

**- ગોંડલ સંપ્રદાયના પૂજ્ય ધિરગુરુદેવના આજ્ઞાનુવર્તી**
**પૂજ્ય વનિતાબાઈ મહાસતીજી**

'તેન ત્યકતેન ભુંજીન્થા' આપણા પૂર્વજોનો ઈતિહાસ તપાસીએ તો ખ્યાલ આવે કે જૈનો કેવા ઉદારદિલ અને સમય સૂચકતા યુક્ત દક્ષ હતા. અવસરને ઓળખી સુકૃત્ય કરવામાં પાછી પાની કરે તેમ ન હતા.

જુઓ ખેમા દેદરાણી - વર્ષો પહેલાની વાત છે. હડાળા ગામની ભાગોળે થઈને મહાજનના ગાડા જતા હતા. સવારનો સોનેરી સમય હતો. સૂર્યનારાયણના કિરણો પૃથ્વી પરના અંધારા ઉલેચી અજવાળા પાથરી રહ્યા હતા. એ વખતે ખેમા શાહ શરીરનું કાર્ય પતાવીને ઘર તરફ પાછા વળી રહ્યા હતા. દૂરથી ગાડાં નિહાળ્યા. અંદરના બેઠેલા માણસોને જોયા તો ખ્યાલ આવી ગયો કે આ તો મહાજનના શેઠીઆ છે. ''જય જિનેન્દ્ર'' કરીને કહ્યું ''આમ કઈ બાજુથી ગાડા હાલ્યા આવે છે?'' ગાડા ખેડૂએ કહ્યું ''આમ પાંચાળથી આવવાનું થયું છે અને હજુ દૂર જવાનું છે.''

ખેમો કહે ''ગામમાં ઘર છે, આમ...! મહાજનના ઘરને ઓળંગીને મહાજનથી ન જવાય.''

મહાજનના વડીલ શેઠિયાએ કહ્યું, ''મહાજનના કામે નીકળ્યા છીએ. અંતરિયાળ આમ રોકાવું ન પાલવે.'' - પ્રયોજન પૂછ્યું... અને કહ્યું ''ઘરે તો હાલો સૌ સારા વાના થશે!'' બધાએ ખેમાના દેદાર જોયા, રોકાવાનું મન ન થયું પણ ખેમાની વાણીમાં બળ હતું પણ અંતરની વાણી ઠેલવી મુશ્કેલ હોય છે. દિલનો આગ્રહ હતો, આખરે ગાડાને ખેમાના ઘરના આંગણે છોડ્યા.

શિરામણની તૈયારી થઈ ગઈ. મહાજનને શિરામણની ઉતાવળ નથી, પણ ઉતાવળ તો ખરડામાં રકમ નોંધાવાની હતી. ખેમાએ ઠંડકથી કહ્યું, પહેલા બધા નિરાંતે વાપરી લ્યો પછી તમે જે કહેશો તે કરશું, ખેમાના બાપાએ બધાને આગ્રહ

કરી નવકારશી કરાવી. પછી રકમનો કાગળ હતો તે હાથમાં લઈ ફાડી નાંખ્યો. પછી સાવસાદા ઘરમાં નજર ફેરવતા મહાજનને નીચે ભોંયરામાં લઈ ગયા. સોના, રૂપા, ઝર, ઝવેરાતના કોથળા ભર્યા હતા. તે બતાવ્યા. ''જોઈએ તેટલું લઈ લો. આ બધું આપનું જ છે. આ તો આપણી આપવાની પરંપરા છે.'' મહાજન તો જોઈને આભું બની ગયું.

બધાની જીભ બંધ, આંખો પહોળી, હૈયું હરખાવા લાગ્યું... મન ઉલ્લાસ આનંદથી ઉભરાવા લાગ્યું, બધા અંદર અંદર વાતો કરવા લાગ્યા. ''એ તો કહે પણ એમ થોડું લેવાય. ધણી આપે તે લેવાય.'' ખેમાનાં બાપા ખોબે ખોબે ઠાલવવા માંડ્યા... બધા કહે ''બસ બસ હવે ખમૈયા કરો...!''

બધા એકી અવાજે બોલ્યા ''બસ હવે આમાંથી ગુજરાતનો દુષ્કાળ પાર ઉતરી જશે અને 'શાહ' નામ સાર્થક થશે.''

મહાજનના ગાડા માલ ભરી પાછા વળ્યા. ખેમાએ બે મજબૂત વળાવિયા આપ્યા. જોઈને જૈન શ્રાવકની દિલની દિલાવરી...!! મળેલો અવસર વધાવી લીધો! સુકૃતનું વાવેતર કરી પરભવનું ભાથું તૈયાર કરી લીધું.

આજનો માણસ દુઃખની, અશાંતિની, અજંપાની ફરિયાદ કરે છે, પણ તેને બદલે મોજશોખ, સ્વાર્થમાં વપરાતા પૈસાની બચત કરીને જાતના કોચલામાંથી બહાર નીકળીને બીજાને સહાય આપવાની શરૂઆત કરીએ.

બીજાને સાંત્વન આપીએ. દુઃખિયાનો હાથ ઝાલી હૈયાથી હૂંફ આપીએ, આશ્વાસન આપીએ, આ છે પ્રભુ મહાવીરનો ઉપદેશ...!

ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, કરો ઉપકાર કમાણી, આ છે પ્રભુ મહાવીરની વાણી.

'કિં બહુના સંવત્સરી', પર્યુષણ પર્વના પુનિત દિવસોમાં આત્મ આરાધના દ્વારા સર્વ જીવો સાથે આત્મીયતાના તાર જોડી મૈત્રીના માધુર્યથી હૈયાની જોળી છલકાવી એકાવતારી બની જવા ભગવંત ભાવમાં ભળીએ, ભવકટ્ટી કરી શીઘ્ર મુક્તિ વરીએ. એ છે સાધક હૃદયની ક્ષમાપનાના અમૃત બિંદુ...! ■

મીઠું બોલવાથી હંમેશા સંબંધ મીઠા રહે છે.

# મારી ક્ષમાપનામાં સ્પીડ બ્રેકર પઝેસિવનેસ

**- રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વમાં ગુણનો ગુણાકાર થાય છે, પુણ્ય વવાય છે અને ક્ષમાપનાને શ્રેષ્ઠ બનાવી આત્માની શુદ્ધિ કરાય છે, પણ ક્ષમાપના કરવામાં વ્યક્તિને ઘણી વસ્તુઓ નડતી હોય છે, જેમ કે, ઈગો, ચિટિંગ, જેલસી વગેરે... એમાં એક હોય છે, પઝેસિવનેસ! પઝેસિવનેસ એટલે મારાપણું, મારો અધિકારભાવ!

આજે જેના ઉપર મારો અધિકાર છે, તેના ઉપર બીજા કોઈ અધિકાર કરવા જાય તો તેના પ્રત્યે ધિક્કાર આવે, તેના પ્રત્યે અણગમો થાય, દ્વેષ થાય, ગુસ્સો આવે અને એ જ અંતે ક્ષમાપનામાં સ્પીડ બ્રેકર બની જાય, એ જ અંતે ક્ષમા માંગતા અને ક્ષમા આપતાં અટકાવે.

કોઈપણ સંબંધ ક્યારેય શાશ્વતતાની ડેટ લઈને નથી આવતો, એ તો એક્સપાયરી ડેટ લઈને આવે છે.

લાગણીની દરેક બોટલ ઉપર એક્સપાયરી ડેટ તો લખેલી જ હોય છે, પણ મોહના કારણે દેખાતી નથી, જ્યારે સમજની ત્રીજી આંખ ખૂલે, ત્યારે એ દેખાય પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે માટે જ, કોઈને પોતાના માનવા, પણ કોઈને ૧૦૦ ટકા પોતાના ન માનવા.

કોઈને પોતાના માનવા એ પરિવાર ભાવના છે, કોઈને ૧૦૦ ટકા પોતાના માનવાનો અધિકાર ભાવ, પ્રોબ્લેમનું કારણ છે.

તમે આ ભવ પૂરતાં સાથે છો, ભવોભવથી હતાં નહીં અને ભવોભવ હશો નહીં, તો પછી શા માટે અધિકાર રાખવાનો?

આપણી પઝેસિવનેસ જ આપણી અજ્ઞાન દશા છે.

જ્ઞાનીને મન આખું વિશ્વ પોતાનું હોય, અજ્ઞાનીને મન બહુ થોડાં પોતાના હોય, અજ્ઞાની ૨, ૪ કે ૫ વ્યક્તિને પોતાના માની ફેમિલી બનાવે, જ્યારે જ્ઞાની જગત આખાને ફેમિલી બનાવે, બધાંને પોતાના બનાવે, કોઈ માટે અધિકાર નહીં અને કોઈ પરાયું નહીં.

જ્યાં 'મારું' આવે, ત્યાં અધિકાર આવે અને અધિકારના પર્સન્ટેજ જરાક પણ ઓછા થાય એટલે પ્રોબ્લેમ શરૂ થઈ જાય.

જ્યાં પઝેસિવનેસ હોય, ત્યાં વ્યક્તિ એગ્રેસિવ હોય.

જ્યારે વ્યક્તિ જેને પોતાના માનતી હોય, પછી એ વ્યક્તિ હોય, પદાર્થ હોય, ઓફિસ હોય, ઘર હોય, જે પણ હોય, એના ઉપર કોઈ અન્ય વ્યક્તિ પોતાનો અધિકાર બતાવે, એની ઈચ્છા ઉપર ક્યાંક અંતરાય આપે. ત્યારે તે એકદમ અગ્રેસિવ અને ક્રોધિત થઈ જાય, અંદરથી અશાંત થઈ જાય, અંદરમાં ઉશ્કેરાટ આવી જાય.

પઝેસિવનેસને દૂર કરવાનો ઉપાય છે, તમારી અંદરમાં વિશ્વવાત્સલ્ય ભાવ પ્રગટાવો.

જેમ જેમ વિશ્વવાત્સલ્ય ભાવ વધે, તેમ તેમ તમે તમારી સંકુચિત વૃત્તિમાંથી બહાર નીકળી બ્રોડ માઈન્ડેડ થતાં જાવ છો, તમે બધાં સાથે શેર કરતાં શીખી જાવ છો. મમત્વ ઘટે, તો મદદ કરવાના ભાવ જાગે. જ્યારે સહાય કરવાનો ભાવ જાગે છે, ત્યારે મારાપણાનો અધિકારભાવ શૂન્ય થઈ જાય છે.

પઝેસિવનેસ હોય ત્યાં ડાઉટ વધારે હોય. પઝેસિવનેસના કારણે વ્યક્તિને નાની નાની વાતમાં ડાઉટ આવતા હોય અને એ ડાઉટના કારણે એમના રિલેશન્સ ડાઉન થતાં હોય છે અને ત્યારે જ ક્ષમાપનામાં સ્પીડ બ્રેકર લાગી જતું હોય છે. ■

## અમો હૃદયથી આભારી છીએ

☛ **કોમ્પ્યુટર સર્વિસ** : રક્ષાબેન કીર્તિભાઈ (કોટડા) ★ ટ્રાયકોર્ન સિસ્ટમવાળા (દાદર)
☛ **સંસ્થાને લાગનારા સ્ટીકર** : ડાયમંડ સ્ટીકરવાળા દિનેશભાઈ ગોગરી (બિદડા)
☛ **બેનર અને એડર્વટાઈઝમેન્ટ** : ૧) બેનર હાઉસ - નરેશ દેઢિયા
૨) વિક્ટોરિયા ડિઝીટલ-જીતુભાઈ નાગડા (મોથારા)
☛ **ડાયરીઓ** : ગુડલક બુક ઈન્ડસ્ટ્રીઝ - વિસનજીભાઈ હંસરાજ દેઢિયા (ગઢસીસા)

# માનવતાના સાદને મળેલો પ્રતિસાદ

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ✤ નાનજી લખમશી શાહ | | દાદર | ૫૪,૦૦૦/- |
| ✤ શાંતિલાલ ખીમજી મકડા | | દહિસર | ૫૧,૦૦૦/- |
| ✤ પોપટલાલ પ્રેમજી શાહ | સાભરાઈ | મુલુંડ | ૧૫,૫૫૫/- |
| ✤ રમેશ ભગવાનદાસ કાપડિયા | | બોરીવલી | ૧૦,૦૦૦/- |
| ✤ રેણુકા રમેશ કાપડિયા | | બોરીવલી | ૧૦,૦૦૦/- |
| ✤ સુનિતા ભુપેન્દ્ર પરીખ | | તારદેવ | ૧૦,૦૦૦/- |
| ✤ શીલા વિજય સંપટ | | વડાલા | ૧૦,૦૦૦/- |
| ✤ કબીર સાવલા | | દાદર | ૧૦,૦૦૦/- |
| ✤ અલ્પા સાવલા | | દાદર | ૧૦,૦૦૦/- |
| ✤ સિધ્ધી સાવલા | | દાદર | ૧૦,૦૦૦/- |
| ✤ રૂચિત સાવલા | | દાદર | ૧૦,૦૦૦/- |
| ✤ હરીશ સાવલા | | દાદર | ૧૦,૦૦૦/- |
| ✤ ધર્મિષ્ઠા પધારિયા | | | |
| હ. હર્ષલ વેણીલાલ પધારિયા | | ઘાટકોપર | ૫,૦૦૦/- |
| ✤ હીના દિપક ભટ્ટના જન્મદિવસ નિ. | | જામનગર | ૨,૦૦૦/- |
| ✤ જસ્મીન સંગોઈ/સાગર સંગોઈ | સાડાઉ | માટુંગા | ૨,૦૦૦/- |
| ✤ સાઈશા શાહ / જૈના શાહ | | દાદર | ૨,૦૦૦/- |
| ✤ ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૧,૧૦૦/- |
| ✤ સુલશા શાહ | | લાલબાગ | ૧,૦૦૦/- |
| ✤ નારાયણદાસ એમ. રાવલ | | મુલુંડ | ૫૫૧/- |
| ✤ હર્ષિલ ગૌરી | | પરેલ | ૫૦૦/- |

ગુસ્સો એ એકમાત્ર વસ્તુ છે જે હંમેશા તમારું નુકસાન કરે છે.

# દુઃખનો સ્વીકાર

**– આ. વિજય મુનિચંદ્રસૂરિ**

સ્વામી રામદાસ શિષ્યોની સાથે શિવાજી પાસે જઈ રહ્યાં હતાં. શિવાજી રામદાસને પોતાના ગુરુ માનતા અને રામદાસ કોઈ પ્રસંગે શિવાજીના દરબારમાં જઈ રહ્યા હતા. ઉનાળાની ઋતુ હતી. ખેતરના માર્ગે રામદાસ ધીમે ધીમે ચાલતા હતા. ચેલાઓ ઝડપભેર આગળ જતા હતા. ત્યાં એક ખેતર શેરડીનું આવ્યું.

ગળામાં તરસ હતી, પેટમાં સુધા પણ હતી અને શેરડીઓની સોડમ મધુર હતી. ચેલાઓ તો ઘુસ્યા ખેતરમાં અને સાંઠાઓ તોડી તોડીને ચૂસવા માંડ્યાં.

ખેડૂતને ખબર પડતાં ગાળો દેતો ધસી આવ્યો... ચેલાઓ તો ભાગી ગયા... પણ, ધીમે ધીમે આવતાં રામદાસને એણે ઝડપ્યા. ગાળો આપી, ''તમારા બાપનો માલ છે તે આમ સાંઠાઓ તોડી તોડી ખાવ છો...?''

રામદાસને ચેલાઓના પરાક્રમની ખબર પડી. એમણે કહ્યું – ''આ ભૂલ કહેવાય, આવું ન જ કરાય...'' પણ, ખેડૂતનો ગુસ્સો હજુ શમ્યો નહોતો. એણે તો રામદાસને મારપીટ કરી દીધી.

રામદાસજી સમજદાર સંત હતા. ચેલાના ગુનાની સજા ગુરુએ પણ ભોગવવી પડે. એ વાત એમના મનમાં હતી.

મારનાર ખેડૂતને પણ આશીર્વાદ આપી એ રવાના થયા. રાજ દરબારમાં પહોંચ્યા. શિવાજી પગમાં પડ્યા.

રામદાસના શરીર ઉપર ઉઝરડા અને સોજા જોઈને એ ભડક્યા. ''ક્યા હરામખોરે મારા ગુરુને મારપીટ કરી છે ? હમણાંને હમણાં પકડીને હાજર કરો.''

ખેડૂતને પકડીને લવાયો. રામદાસને ઊંચા આસને બેઠેલા જોઈને જ એને સમજાયું કે મારાથી શિવાજીના ગુરુને જ મારપીટ કરવાની ભૂલ થઈ છે. એ ધ્રૂજવા લાગ્યો.

''ગુરુજી આને શું સજા કરું ?'' શિવાજીએ પૂછ્યું.

''શિવા આને ઈનામ સાથે પહેરામણી આપી વિદાય કર. એનો કશો વાંક નથી. મારા શિષ્યોની ભૂલ છે અને શિષ્યની ભૂલની આઠ ગણી સજા ગુરુને થાય એવી વાત શાસ્ત્રમાં આવે છે એટલે જે થયું છે તેનો કોઈ રંજ નથી.''

ખેડૂત તો આ કરુણામૂર્તિ સ્વામીજીના પગમાં પડી ગયો.

આપણને મળતી દરેક તકલીફના મૂળ શોધીએ તો એનું પગેરું આપણા જ કોઈ ભવના દુષ્કર્મ સુધી પહોંચે છે, કર્મસત્તા ક્યારેય નિર્દોષને રંજાડતી નથી. ગુનેગારને છોડતી નથી. આ કર્મસિદ્ધાંતને હૃદયમાં કોતરી રાખીએ. દરેક તકલીફો સાથે જે તે કર્મો વિદાય થાય છે.

દુઃખોને હસતાં હસતાં સ્વીકારો... ■

**વિજ્ઞાનથી સફળતા મળે છે, પણ આચારથી માનસિક શાંતિ મળે છે.**

## વ્યક્તિ વિશેષ

# તત્ત્વચિંતક અને વિદ્વાન - શ્રી કુમારપાળ દેસાઈ



શ્રી કુમારપાળ દેસાઈનો જન્મ ગુજરાતમાં બોટાદ જિલ્લામાં આવેલા રાણપુરમાં ૩૦મી ઓગસ્ટ ૧૯૪૨માં થયો હતો. એમના પિતા જયભિખ્ખુ તરીકે જાણીતા ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ લેખક હતા.

કુમારપાળભાઈએ મુખ્ય વિષય ગુજરાતી લઈ અમદાવાદથી ૧૯૬૩માં બી.એ. અને ૧૯૬૫માં એમ.એ. થઈ નવગુજરાત કોલેજ, અમદાવાદમાં ગુજરાતી અધ્યાપક તરીકે કારકિર્દીની શરૂઆત કરી. ૧૯૮૦માં ડો. ધીરુભાઈ ઠાકરના માર્ગદર્શન હેઠળ 'આનંદઘન – એક અધ્યયન' લખી પીએચ.ડી.ની પદવી મેળવી.

ગુજરાત સરકાર દ્વારા સ્થપાનાર અહિંસા યુનિવર્સિટીની એક્ટ અને પ્રોજેક્ટ સમિતિના ચેરમેન તરીકે એમણે કાર્ય કર્યું છે. અત્યારે યુનિવર્સિટીનો દરજ્જો ધરાવતી જૈન વિશ્વભારતી ઈન્સ્ટીટ્યુટના પ્રોફેસર તરીકે તેઓ જોડાયેલા છે.

એમણે ૧૯૬૨માં 'ગુજરાત સમાચાર'માં કોલમ લેખનનો અને ૧૯૬૫માં ગ્રંથલેખનનો પ્રારંભ કર્યો. ૧૯૬૫માં લાલ બહાદુર શાસ્ત્રીનું જીવનચરિત્ર 'લાલ ગુલાબ' નામે લખીને બાળ સાહિત્ય ક્ષેત્રે પદાર્પણ કર્યું. ગુજરાત સરકારની ઉચ્ચ ગુણવત્તાવાળા બાળસાહિત્યની સ્પર્ધામાં આ પુસ્તકને પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

કુમારપાળભાઈ ભારતીય સંસ્કૃતિ, જૈન દર્શન અને જૈન સાહિત્યના અભ્યાસી છે. તેમણે ચિંતન લેખોના અનેક સંગ્રહો આપ્યા છે. 'ઝાકળભીનાં મોતી',

'મોતીની ખેતી', 'તૃષા અને તૃપ્તિ', 'ક્ષમાપના', 'શ્રદ્ધાંજલિ', 'જીવનનું અમૃત' વગેરે એમના નિબંધ સંગ્રહો છે. તેઓ પ્રભાવશાળી વક્તા છે. ગુજરાત અને ભારતમાં ઠેર ઠેર વ્યાખ્યાનો આપવાની સાથે તેમણે વિદેશમાં પણ પર્યુષણ નિમિત્તે પરિસંવાદ અને વ્યાખ્યાનો આપ્યા છે જે ખૂબ જ પ્રશંસા પામ્યા છે.

'ઈન્સ્ટીટ્યુટ ઓફ જૈનોલોજી' નામની વિશ્વવ્યાપી સંસ્થાના તેઓ ભારત ખાતેના ટ્રસ્ટી અને કો-ઓર્ડિનેટર છે.

તેઓ એક સર્જક હોવાની સાથે વિવેચક પણ છે. 'હેમચંદ્રાચાર્યની સાહિત્ય સાધના', 'શબ્દસંનિધિ', 'આનંદઘન - એક જીવન અને કવન' વગેરે એમના વિવેચનના પુસ્તકો છે.

**એમને મળેલા પુરસ્કારોઃ**

- 'અપંગના ઓજસ' બાળસાહિત્ય ને સંસ્કાર એવોર્ડ - ૧૯૭૩
- ગુજરાત રત્ન પુરસ્કાર - ૧૯૯૫
- જૈન રત્ન પુરસ્કાર - ૨૦૦૧
- જૈન ગૌરવ એવોર્ડ - ૨૦૦૨
- પદ્મશ્રી એવોર્ડ - ૨૦૦૪
- લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ - ૨૦૦૪
- જૈન રત્ન એવોર્ડ - ૨૦૦૭
- આચાર્ય તુલસી સન્માન - ૨૦૧૧
- આરાધ્ય સન્માન - ૨૦૧૬
- ભદ્રંકર જ્ઞાનજ્યોત એવોર્ડ - ૨૦૧૯
- બાળસાહિત્ય પુરસ્કાર - ૨૦૧૯

■

આ પુસ્તક વાંચી લીધા પછી **પસ્તીમાં** નાંખી ન દેતાં તમારા કુટુંબમાં કે મિત્રોમાં ફરતું રહે અને **કેન્સરના** દર્દીઓ માટે **હુંફનું કવચ** બનવા અનુમોદન અર્થે ફેલાવો કરતાં રહો એવી અનુમોદના.

## બિપિનભાઈ દાણી (હરસોલ) એકતા પરિવાર (I.G.) માટુંગાની પ્રેરણાથી કેન્સરગ્રસ્ત દર્દીઓના લાભાર્થે

| નામ | એરીયા | યોજના | રૂપિયા |
|---|---|---|---|
| ☛ સ્વ. અરવિંદભાઈ શામળદાસ શાહના આત્મશ્રેયાર્થે | | | |
| હ. ભાવેશ મહેન્દ્ર શાહ (હરસોલ) | બોરીવલી | જીવદયા | ૫,૦૦૦/- |
| ☛ સ્વ. અરવિંદભાઈ વલ્લભદાસ સોનેચાના આત્મશ્રેયાર્થે | | | |
| હ. હંસાબેન અરવિંદભાઈ સોનેચા પરિવાર | કાંદિવલી | દવા | ૨,૦૦૦/- |
| ☛ સ્વ. મહેન્દ્રભાઈ મણિલાલ ગાંધી (લિંબોદ્રા)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. ઈન્દુબેન, અલ્પેશ, સંજય ગાંધી પરિવાર | બોરીવલી | જીવદયા | ૧,૨૦૦/- |
| ☛ સ્વ. નટવરલાલ બુલાખીદાસ શાહ (હરસોલ)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. મંજુલાબેન નટવરલાલ શાહ પરિવાર | કાંદિવલી | જીવદયા | ૧,૦૦૦/- |
| ☛ સ્વ. કમળાબેન અને સ્વ. કાંતિલાલ નગીનદાસ શાહ (હરસોલ)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. કાંતિલાલ નગીનદાસ શાહ પરિવાર | ભાયંદર | દવા | ૧,૦૦૦/- |
| ☛ સ્વ. સરસ્વતીબેન અને સ્વ. રસીકલાલ શાહ (ઉનાવા)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. ધવલ શીરીષ શાહ | સાયન | જીવદયા | ૫૦૦/- |
| ☛ સ્વ. કમળાબેન અને સ્વ. બેચરદાસ દોશીના આત્મશ્રેયાર્થે | | | |
| હ. દિલીપ બી. દોશી | મુલુંડ | દવા | ૫૦૦/- |
| ☛ સ્વ. શારદાબેન અને સ્વ. ચિમનલાલ સાકળચંદ શાહ (ઉવારસદ)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. હેમા પ્રદિપ શાહ | પૂના | જીવદયા | ૫૦૦/- |

# સત્સંગની ભૂમિકા

માનવીની ચેતનાને જાગૃત કરવામાં, પોષવામાં અને વિસ્તારવામાં સત્સંગની ભૂમિકા ખૂબ મોટી છે. માનવી અનેક શુભ સંસ્કારો અને સંકલ્પોનું મનમાં બીજારોપણ કરે છે પરંતુ જો એને સત્સંગ મળતો ન રહે તો બધા જ શુભ સંકલ્પો, સંસ્કારો શિથિલ થઈ જાય છે, ફીકા પડી જાય છે.

**'પોષકાભાવે તુ શિથિલમ્'**

પોષકનો અભાવ થાય તો મન શિથિલ થઈ જાય છે. શ્રદ્ધા, ભક્તિ, ઉત્સાહ વગેરેમાં ઓટ આવવા લાગે છે. આવી શિથિલતા ન આવે એ માટે નિત્ય સત્સંગપારાયણ રહેવું જોઈએ.

આ જ કારણે જ્ઞાનમાર્ગમાં, ઉપાસના માર્ગમાં, ભક્તિમાર્ગમાં કે યોગ વૈરાગ્ય વગેરે સાધનામાં દુઃસંગના ત્યાગ પર અને સત્સંગના સેવન પર સર્વદા ભાર મૂક્યો છે. માનવી જે સાધન વડે, સાધના વડે જે સિદ્ધિ પ્રાપ્ત કરવા ઇચ્છતો હોય ભક્ત, તપસ્વી, યોગી, સંન્યાસી કે જીવનમુક્ત થવાની દિશાએ આગળ વધતો હોય એ દરેકને સત્સંગની આવશ્યકતા પડવાની જ છે. તે તે સાધકને શુભ મંગલમય સત્ તત્ત્વોની આવશ્યકતા - જરૂરત સત્સંગ દ્વારા પ્રાપ્ત થશે.

જેમ દરેક સજીવ પદાર્થને પોષણની જરૂર પડે છે, જેમ છોડને ખાતર અને પાણીનું પોષણ જોઈએ છે. શરીરને જીવવા માટે અન્ન, જળ, વાયુનું પોષણ જોઈએ છે એમ સદ્ભાવોના વિકાસ માટે સત્સંગ રૂપી ખાતરનું પોષણ જરૂરી છે.

પરમ શ્રદ્ધાવાન મહાપુરુષોનું વચનામૃત કે સાનિધ્ય આપણને આપણા ભાવને, આપણી શ્રદ્ધાને સુદૃઢ બનાવવામાં ખૂબ જ સહાય કરે છે. પવિત્ર, શીલવાન વ્યક્તિનો સંગ કેટલીય વ્યક્તિઓના જીવનમાં પવિત્રતાનો સંચાર કરે છે. એક ધૈર્યવાન મહાપુરુષનું ચરિત્ર કેટકેટલા સાધારણ માનવીઓને પણ જીવનની વિષમ વિટંબણાઓ સહન કરવાનું સાર્મથ્ય આપે છે.

કંચનનો સંગ મળે તો કાચને પણ મરકતમણિની શોભા સાંપડે છે. ઉત્તમનો

સંગ અધર્મને પણ ઉચ્ચતા આપે છે. પવનના સંગે ધૂળ પણ આકાશમાં ઊંચે ચડી જાય છે અને એ જ ધૂળ જો જળનો સંગ કરે તો કીચડમાં ફેરવાઈ જાય છે. ધુમાડો જો 'મજુમશિ' શાહી બને તો પુરાણોના લેખનના ઉપયોગમાં આવે છે. ધુમાડાને જો જલ, અગ્નિ અને પવન (ત્રણ દેવ)નો સંગ મળે તો મેઘ બને છે અને જગતને જીવનદાયક બની જાય છે. પારસમણિનો સ્પર્શ લોખંડને માત્ર સોનું બનાવે છે પણ સાધુપુરુષોનો સંગ તો દરેકને પોતાના જેવો જ ઉત્તમ બનાવે છે.

ભક્ત કવિ દયારામ કહે છે

**''તુજ સંગ વૈષ્ણવ કોઈ થાય તો તું વૈષ્ણવ સાચો;**
**તારા સંગનો રંગ ન લાગે ત્યાં લગી તું કાચો.''**

■

## માતુશ્રી ચંદ્રાબેન જયંતિલાલ ચત્રભુજ મોદી *અને* માતુશ્રી લાછબાઈ હીરજી કરમશી ભેદા (સમાઘોઘા) હલ્દી દુધ યોજના

ગાયનું દુધ અને હલ્દી પાવડર જેવા ઔષધી ગુણ વડે કેન્સરગ્રસ્ત દર્દીઓની એસિડીટી, દવાઓની તીવ્ર ગરમી સામે રક્ષણ મળે અને તેમની રોગપ્રતિકારક શક્તિ વધે એવા આશયથી હલ્દી દુધ યોજના ચાલુ કરવામાં આવી છે. જેનો એક દિવસનો નકરો રૂ. ૭૦૦/- રાખવામાં આવ્યો છે. એવા સહૃદયી દિલેરદાતાઓની યાદી આ પ્રમાણે છે.

**સંસ્થાને અપાતું દાન ૮૦ જી અંતર્ગત કર રાહતને પાત્ર છે.**

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❖ માતુશ્રી લાછબાઈ હીરજી કરમશી ભેદાના આત્મશ્રેયાર્થે | | | |
| હ. પરિંદાબેન રશ્મીકાંત ભેદા | સમાઘોઘા | માટુંગા | ૧,૫૦૦/- |
| ❖ ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૧,૧૦૦/- |
| ❖ આશાબેન મહેતા | | ભાયખલા | ૭૦૦/- |
| ❖ નવલબેન અમીરચંદ દોશી | | પરેલ | ૭૦૦/- |
| ❖ સંજય રસિકલાલ બાબરિયા | | બોરીવલી | ૭૦૦/- |
| ❖ ધનશ્રી રાજેશ્રી પારેખના જન્મદિવસ નિ. | | બોરીવલી | ૭૦૦/- |

# ભગવાન શ્રી મહાવીરનાં પંચ મહાવ્રત

**- વિરલ ટોળિયા**

જેમ પર્વતોમાં હિમાલય અને હિમગિરિમાં ગૌરીશંકર તેમ વ્યક્તિત્વમાં મહાવીર. જમીન પર ઊભા રહી શિખરને જોઈ શકાય પણ ઉપર પહોંચવા પગદંડી ક્યાં? પ્રભુ મહાવીરને સમજવા તેમના હૃદયદ્વાર સુધી પહોંચવાની પગદંડી એટલે પ્રભુ મહાવીરના પાંચ મહાવ્રતઃ અહિંસા, અકામ, અપ્રમાદ, અચોર્ય અને અપરિગ્રહ. આ પંચ મહાવ્રત ભાવ પર આધારિત છે, કર્મ પર નહીં. ભાવ શુદ્ધ હશે તો કર્મ અશુદ્ધ થવાનો સવાલ જ ઊભો થતો નથી.

પંચ મહાવ્રતની **પહેલી ટૂંક એટલે અહિંસા.** અહિંસા સહજ છે, સ્વભાવ છે. કોઈ વ્યક્તિ ૨૪ કલાક હિંસક ન રહી શકે પણ અહિંસક રહી શકે. ચર્ચા હિંસા પર હોય, અહિંસા પર નહીં. કીડીને બચાવીને તમે ચાલો અને મહાવીર ચાલે એમાં ફરક છે. તમે કીડીને બચાવીને પગ મૂકો છો જ્યારે મહાવીર પોતાના જ અંશ પર ક્યાંક પગ ન પડી જાય એમ સમજીને પગ મૂકે છે. 'હું' અને 'તું' ના ઉપદ્રવથી જ હિંસા જન્મે છે. જ્યારે મહાવીરે સમગ્ર સૃષ્ટિના જીવોને આત્મવિલિન કર્યા છે. 'તું' જ 'હું' છું તો હિંસા કોની સાથે? જ્યારે દીક્ષા માટે ત્રિશલા માતાની અનિચ્છા હતી છતાં ઉપરવટ જવું એને સૂક્ષ્મ હિંસા ગણી પ્રભુએ દીક્ષા ન લીધી. વિચાર્યું કે સૂક્ષ્મ હિંસાથી પણ દીક્ષા લઉં તો મોક્ષ ક્યાં પ્રાપ્ત થવાનો છે?

**બીજી ટૂંક એટલે 'અકામ'.** જીવનની સર્વાધિક ઊર્જા એટલે 'કામ'. વિજ્ઞાને એને શક્તિનું નામ આપ્યું છે. કામ-ઊર્જા જો અંદરની તરફ વળે તો 'અકામ' અને બહારની તરફ વળે તો કામ, ઈચ્છા, કામના. પ્રભુ મહાવીરનો સંદેશ ઊર્જાને અંદરની તરફ વાળી મોક્ષ પામવાનો છે. ઊર્જાથી ભરપૂર મૃત્યુ એટલે મોક્ષ. આપણે ઊર્જાથી ખાલી અને ઈચ્છાઓથી ભરપૂર હોઈએ છીએ એટલે જ મૃત્યુ ઉત્સવ નહીં, સૌંદર્ય નહીં પણ પીડાદાયક બને છે. ઊર્જાની દિશા બદલો અને મોક્ષ પામો, એ પ્રભુએ બતાવેલ સરળ ઉપાય છે.

શ્રેષ્ઠ લોકો તે છે જે હંમેશા મદદ કરવા તૈયાર હોય છે.

**ત્રીજી ટૂંક એટલે 'અપ્રમાદ'.** આધ્યાત્મિક ભાષામાં પ્રમાદ એટલે આળસ નહીં પણ મૂર્છા, નિદ્રા, સંમોહિત અવસ્થા. આપણે મનસ્થિતિ પ્રમાણે સાત પ્રકારની ચેતનાના મકાનમાં રહીએ છીએ. ચેતન, અચેતન, સમષ્ટિ અચેતન, બ્રહ્મ અચેતન, સમષ્ટિ ચેતના, બ્રહ્મચેતના અને સુપર ચેતના. એ સાતેય મંજિલની ઓળખ એટલે મોક્ષ. આપણે હંમેશા મૂર્છિત અવસ્થામાં જ જીવીએ છીએ. એટલે જ પ્રભુ મહાવીર કહે છે કે વિવેકથી બેસ, વિવેકથી વરત, વિવેકથી ખા, વિવેકનો અર્થ છે અપ્રમાદ અવસ્થા, જાગ્રત અવસ્થા-અવેરનેસ. પોતે શું કરી રહ્યા છીએ એનું સંપૂર્ણ ભાન હોવું. જાગ્રત હશો તો ક્રોધ નહીં આવે, નિંદા નહીં થાય, પાપ નહીં થાય. માનવી તું જાગ, મૂર્છામાંથી બહાર નીકળ.

**ચોથી ટૂંક એટલે 'અચોર્ય'** આમાં ચોરીની વાત છે જ નહીં. આ વાત છે 'વ્યક્તિત્વ'ની, ચોરીની. દરેક માનવી પોતાનો ચહેરો લઈને જીવતો જ નથી. તેનો ચહેરો મિત્ર, શત્રુ, માલિક, પતિ, પત્ની, સંતાન સામે બદલાતા રહે છે. 'તું' જે છે એમ જીવ. ચહેરાની અદલાબદલીમાં તું તારું વ્યક્તિત્વ ગુમાવી બેઠો છે. અસ્તિત્વ ગુમાવી બેઠો છે. પ્રભુ કહે છે તું મહાવીર બનવાની કોશિશ નહીં કર પણ 'તું' તું જ રહીશ ત્યારે અચોર્યની અવસ્થાને પામીશ. મારા વિચારોની પણ ચોરી નહીં કર. તારામાં જે સામર્થ્ય છે એ જ બીજ મારામાં છે. તારા પોતાના વિચારથી થતા આચરણમાં ભાવ આવશે.

**પાંચમી ટૂંક એટલે 'અપરિગ્રહ.'** પરિગ્રહ, સંયમ છોડવું. પરિગ્રહનો અર્થ એ ન હોવો જોઈએ કે ઈચ્છા ઘણી છે પણ એ છોડું છું. આ પ્રભુને મંજૂર નથી. સંયમ પાળવાની અહીં વાત જ નથી. એનું અસ્તિત્વ જ મારા માટે નથી. જેના માટે મારી લાગણી જ નથી એવો ભાવ આવવો એ જ તમારો પ્રવેશ અપરિગ્રહમાં થયો છે એમ સમજો. જેનો પરિગ્રહ લેવો પડે એનો અર્થ એમ થાય કે તેનું અસ્તિત્વ કે તેનો અંશ હજી તમારામાં છે, તો જીવનની કોઈ નબળી ક્ષણે લપસી પડવાની શક્યતા રહે છે પણ જેનું અસ્તિત્વ જ નથી એવો ભાવ સંશયમુક્ત બનાવે છે. પ્રભુનો ભાવ ચીજવસ્તુ છોડવાનો નથી પણ દુનિયાની આસક્તિ, મોહ, માયા, લોભ, સંબંધો છોડવાનો છે. પ્રભુ કહે છે કે જ્યારે આ

ભાવ આપમાં પેદા થશે ત્યારે સૃષ્ટિની સ્થૂળ ચીજો પ્રત્યે અપરિગ્રહનો ભાવ આપોઆપ સૂક્ષ્મરૂપે પ્રવેશ કરશે.

પ્રભુના પંચ મહાવ્રતના સંદેશને ઓશોની દ્રષ્ટિએ અહીં પ્રસ્તુત કર્યા છે. જો એ અણસમજથી પહોંચાડ્યા હોય તો પ્રભુ મને ક્ષમા કરે. આપ સૌના હૃદયમાં બિરાજમાન પરમાત્માને મારા પ્રણામ.

*નોંધ : આ લેખને ૨૨૦૦ સ્પર્ધકોની ઓલ ઈન્ડિયા નિબંધ સ્પર્ધામાં પ્રથમ ઈનામ મળ્યું છે.* ■

## કેન્સરની ભયાનકતા સામે હૂંફનું કવચ...

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❉ ઈન્દિરાબેન અને નરેન્દ્રભાઈ શાહની ૫૬મી લગ્નવર્ષગાંઠ નિ. | | પ્રભાદેવી | ૪૦,૦૦૦/- |
| ❉ લતા મધુકર શેઠ | | વિક્રોલી | ૩૦,૦૦૦/- |
| ❉ સુનિતા રમેશ થડાણીની વર્ષગાંઠ નિ. | | ઓપેરાહાઉસ | ૧૨,૦૦૦/- |
| ❉ સ્વ. મંજુલાબેન હરખચંદ ગાલાની ૪થી પુણ્યતિથિ નિ. હ. કિંજલ ધીરેન ગાલા | કાંડાગરા | ઘાટકોપર | ૧૧,૦૦૦/- |
| ❉ શ્રીમતી પુરબાઈ લખમશી લાલકા ચેરી. ટ્રસ્ટ | | ગાંધીધામ | ૧૧,૦૦૦/- |
| ❉ સ્નેહ છાડવા | ડેપા | સાયન | ૧૦,૦૦૦/- |
| ❉ પ્રીતી કાપડિયા | | વાલકેશ્વર | ૫,૦૦૦/- |
| ❉ નવિન ધરમશી મિરાણી | | થાણા | ૫,૦૦૦/- |
| ❉ સ્વ. કલ્પનાબેન વસંતલાલ શાહના આત્મશ્રેયાર્થે | ગઢસીસા | ઘાટકોપર | ૫,૦૦૦/- |
| ❉ ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૪,૦૦૦/- |
| ❉ જીતેન્દ્ર અમૃતલાલ શેઠના ૮૦માં જન્મદિવસ નિ. | | મુલુંડ | ૨,૫૦૦/- |
| ❉ મહેન્દ્ર આર. પટેલ | | મીરારોડ | ૨,૦૦૦/- |
| ❉ સુનિલ સુમતિલાલ દોશી | | સાંગલી | ૨,૦૦૦/- |
| ❉ સ્વ. દેવચંદ લાલજી મારૂની પુણ્યતિથિ નિ. હ. ઝવેરબેન દેવચંદ મારૂ | શેરડી | ડોંબિવલી | ૧,૦૦૦/- |
| ❉ માતુશ્રી દેવકાબેન લાલજી વીરા નુતન ગૃહ વાસ્તુ નિ. | નવાવાસ | થાણા | ૧,૦૦૦/- |
| ❉ શ્રીમતી રતનબેન નેમચંદ વીરા નુતન ગૃહ વાસ્તુ નિ. | નવાવાસ | થાણા | ૧,૦૦૦/- |
| ❉ નથુભાઈ દેસાઈ | | કાંદિવલી | ૨૫૧/- |

## પ્રવાસનું વર્ણન

# તારંગા જૈન તીર્થ

તારંગા એ ગુજરાત રાજ્યમાં આવેલા મહેસાણા જિલ્લામાં, વડનગર નજીક આવેલું જૈન તીર્થસ્થાન છે જેમાં બે જૈન મંદિરોના સંકુલ છે. તારંગા પહાડ પર શ્વેતાબંરના પાંચ મંદિરો અને ત્રણ ટેકરીઓ પર ત્રણ ટૂંકો તથા અન્ય દેરીઓ છે. મારુ-ગુર્જર શૈલીના સ્થાપત્યના મહત્ત્વપૂર્ણ ઉદાહરણ છે. અજિતનાથ મંદિરનું નિર્માણ ૧૧૬૧માં સોલંકી રાજા કુમારપાળ દ્વારા તેમના શિક્ષક આચાર્ય હેમચંદ્રજીની સલાહ હેઠળ કરવામાં આવ્યું હતું.

જૈન ધર્મના બંને મુખ્ય સંપ્રદાયોનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું છે. જેમાં સંલગ્ન દિવાલોવાળા સંકુલ છે. શ્વેતાંબર સંકુલ કુલ ૧૪ મંદિરો ધરાવે છે, તો તારંગા ટેકરી પર પાંચ દિગંબર સંલગ્ન મંદિરો પણ છે.

૧૨મી સદીમાં તારંગા એક મહત્ત્વપૂર્ણ જૈન તીર્થસ્થળ બન્યું. વિક્રમ સંવત ૧૨૪૧માં રચિત સૌમપ્રભાચાર્યના 'કુમારપાળ પ્રતિબોધ'માં સ્થાનિક બૌદ્ધ રાજા વેણી વત્સરાજ અને બીજી સદીના જૈન સાધુ ખાપુરાચાર્યએ દેવી તારા માટે એક મંદિર બનાવ્યું હતું તેથી આ શહેરનું નામ તારાપુર રાખવામાં આવ્યું હતું.

આ ટેકરીનો મોટો ભાગ ઝાડીઓથી ઢંકાયેલો છે અને પૂર્વ અને પશ્ચિમમાં જંગલ છે જે એક ઉચ્ચ પ્રદેશ તરફ દોરી જતા રસ્તાથી ઓળંગાયેલું છે. જ્યાં સફેદ રેતીના પથ્થર અને ઈંટથી બનેલા મંદિરો છે.



પૂર્વ દ્વારથી પ્રવેશ કરતાં ડાબી બાજુએ શ્રી અજીતનાથ મંદિરની સન્મુખ આશરે ત્રણ ફીટ ઊંચાઈવાળી એક દેરીમાં કિર્તીસ્તંભ



વિદ્યમાન છે. તેના પર કુમારપાળના છેલ્લા વર્ષનો લેખ વંચાય છે.

મંદિરને ૨૩૦ ફીટ જેવડો લાંબો પહોળો ચોક મળી ગયો છે. ચોકની બહાર મંદિરમાં ૧૪૨ ફીટ ઊંચું ૧૫૦ ફીટ લાંબુ અને ૧૦૦ ફીટ પહોળું ભવ્ય મંદિર ગોઠવાયેલું છે. સમગ્ર મંદિર પથ્થરથી બાંધવામાં આવ્યું છે. ઈંટ અને ચૂનાનું મિશ્રણ એવું સપ્રમાણ શાસ્ત્રીય દ્રષ્ટિથી કરવામાં આવ્યું છે જે આજે ૮૦૦ વર્ષ વીત્યા છતાં મંદિરની કોઈ સામગ્રીને આંચ આવવા પામી નથી.

**દિગંબર મંદિર** – શરૂઆતના સમયમાં ત્રણ ખડકાળ શિખરો ધરાવતી એકાંત ટેકરી પર દિગંબરો સ્થાયી થયા હતા. કોટિશીલા અને સિદ્ધશીલા નામની બે ટેકરીઓ પર વિક્રમ સંવત ૧૨૯૨ના રોજ તીર્થંકરો નેમિનાથ અને મલ્લિનાથની મૂર્તિઓવાળા મંદિરો છે. આ ટેકરીની સૌથી ઊંચી ઊંચાઈ પર 'ટોક' નામનું મંદિર આવેલું છે. જેમાં ૧૯મા તીર્થંકર મલ્લિનાથની પ્રતિમા છે.

**બૌદ્ધ સ્મારકો** – ટેકરીની લગભગ ૨.૫ કિ.મી. ઉત્તરમાં તરણમાતા અને ધરણમાતાની આરસની મૂર્તિ તેની શૈલીના આધારે આઠમી-નવમી સદીની છે. આ બે મંદિરોમાં અવલોકિતેશ્વર પદ્મપાણી સહિતની બૌદ્ધ છબીઓ પણ મળી આવી હતી. પ્રવાહની જમણી બાજુનું બાંધકામ કદાચ બદલાયેલ બૌદ્ધ સ્તૂપ છે. અહીં પ્રાચીન ગુફા જેને સ્થાનિકો 'જોગીડાની ગુફા' તરીકે ઓળખે છે તેમાં બૌદ્ધિવૃક્ષ હેઠળ જ્ઞાની બુદ્ધ તરીકે ઓળખાતી ચાર બૌદ્ધ મૂર્તિઓના અવશેષો છે. આ ગુફાઓ ચોથી-પાંચમી સદીની હોવાનું માનવામાં આવે છે.

શ્વેતાબંરની સુવિધા સંપન્ન ચાર ધર્મશાળાઓ અને ભોજનશાળા છે તેમ જ દિગંબર પંથની પણ ધર્મશાળા છે.

તીર્થયાત્રાનો ખાસ સમય કાર્તિક અને ચૈત્ર (નવેમ્બર અને એપ્રિલ) મહિનામાં આવતી પૂનમના સમયનો છે. ■

## શ્રી જલારામ અન્નદાન ક્ષેત્ર

જઠરાગ્નિ જો તૃપ્ત ન હોય અને બહારગામથી આવેલા કેન્સરના દર્દીઓ અને સાથે આવેલ આપ્તજન પણ ભૂખ્યો તરસ્યો હોય તે સમયે કેન્સર સામે યુદ્ધ ન લડી શકાય. અને તેથી જ જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ આવા નિરાશ્રિત દર્દીઓને દરરોજ બે સમયે શાક-રોટલી, મસાલા-ભાત, ફળ, હલ્દીવાળું દૂધ, સૂકું અનાજ વગેરે જરૂરિયાત પ્રમાણે આપે છે. આપ આમાં સહભાગી થવા **પાના નં. ૫ ઉપર** જણાવેલ બેંકમાં અનુદાન ભરી શકશો. **સંસ્થાને અપાતું દાન ૮૦ જી અંતર્ગત કર રાહતને પાત્ર છે.**

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❖ લતા મધુકર શેઠ | | વિક્રોલી | ૨૦,૦૦૦/- |
| ❖ હિતેન કાપડિયા | | શિવરી | ૧૮,૦૦૦/- |
| ❖ પુરવ સુનિલ પટેલ અને પાયલ પટેલના લગ્ન નિ. | | | |
| હ. માતુશ્રી પ્રેમકુમારી દેવચંદ રવજી ગાલા | રાયણ | પરેલ | ૧૪,૦૦૦/- |
| ❖ ધીરજલાલ ચિમનલાલ જવેરી | | | |
| હ. સુષ્મા જવેરી | | બોરીવલી | ૧૨,૦૦૦/- |
| ❖ ઈન્દિરાબેન અને નરેન્દ્રભાઈ શાહની | | | |
| ૫૬મી લગ્ન વર્ષગાંઠ નિ. | | પ્રભાદેવી | ૧૦,૦૦૦/- |
| ❖ રાજવીર દોશીના જન્મદિવસ નિ. | | | |
| હ. અશોક એસ. દોશી | | પેડર રોડ | ૭,૦૦૦/- |
| ❖ કાંતિલાલ રતનશી ગાલા પરિવાર | | | ૭,૦૦૦/- |
| ❖ કરસનજી પ્રેમજી રાજગોરની પુણ્યતિથિ નિ. | | | |
| હ. મહેન્દ્ર હંસરાજ રાજગોર | | ગોરેગામ | ૪,૦૦૦/- |

**પ્રિય વાચકો,** આપે આપનું લવાજમ ન ભર્યું હોય તો વાર્ષિક (રૂા.૨૦૧/-) કે આજીવન (રૂા.૨૦૦૧/-) લવાજમ ભરી સંસ્થાને સહાયભૂત થાઓ. જો આપની પાસે બે કોપી આવતી હોય તો સંસ્થાના કાર્યાલયમાં ફોન કરી જણાવશો.
**મોબાઈલ નં. ૯૮૬૯૨૦૬૪૦૦/૯૦૭૬૧૬૯૩૫૫**
**'જીવનપથ' માસિક ગુજરાતી, હિંદી અને અંગ્રેજી - ત્રણ ભાષામાં પ્રકાશિત થાય છે.**
**જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ** - ૫/૬, કોંડાજી ચાલ, ટાટા હૉસ્પિટલની પાસે, જેરબાઈ વાડિયા રોડ, પરેલ, મુંબઈ-૧૨.

નવલકથા

# ‘કુંતી’

(ગતાંકથી ચાલુ)

**- રજનીકુમાર પંડયા**

બેન્કમાં લોકર ખોલાવવાની ફી રૂપે મણિભદ્રે ચારસો રૂપિયા ભર્યા. એ વખતે એપ્લિકેશનમાં સહી કરતી વખતે ડૉક્ટર બોલ્યા : ‘‘મેનેજર સાહેબ, હવે લોકર મારા દીકરા આ મણિભદ્રના નામનું જ કરી નાખવાનું છે. હું હવે ક્યાં લગી આ જફા કર્યા કરીશ ? આજકાલ કરતાં સત્તાસી થયાં. શું કો’છો ?’’

‘‘ધૅટ ઇઝ ફાઈન.’’ જરાતરા ટાલવાળા હસમુખા બેન્ક મેનેજર પુંડરીક પાસ બોલ્યાઃ ‘‘અમુક ઉંમર પછી લોકરમાં માણસે હૃદયરોગ સિવાય કંઈ મૂકવાનું રહેતું નથી. એના કરતાં તો ઉંમરલાયક દીકરાને એ સોંપી દેવું સારું !’’

‘‘શું ?’’ ડૉક્ટરે મજાકિયા સ્વરમાં પૂછ્યું : ‘‘હૃદયરોગ ?’’

‘‘ના.’’ વ્યાસસાહેબે ખડખડાટ હસીને કહ્યું : ‘‘લોકર....’’ પછી મણિભદ્ર તરફ જોઈને બોલ્યા : ‘‘ફાધર આ ઉંમરે પણ બહુ જોલી છે બાકી...’’

મણિભદ્રે અંદરથી કટાણા પણ બહારથી મરકતા મોંએ એ અકારા બાપનાં વખાણ સાંભળી લીધાં. પૂછ્યું : ‘‘ક્યારે આવીએ હવે આને માટે ?’’

‘‘કંપનીના મિકેનિકને આવતાં કમસે કમ ત્રણેક દિવસ તો થશે જ.’’ એ બોલ્યા : ‘‘આજે ગુરુ થયો ને ? એમ કરો, સોમવારે ખબર કાઢો.’’

સોમવારે ફરી એકલા મણિભદ્રે તપાસ કરી તો મિકેનિક આવી ગયો હતો. લોકર ખોલી આપ્યું.

ઉતાવળથી–અધિરાઈથી મણિભદ્રે લોકરમાં નજર કરી. પ્લાસ્ટિકના કવરમાં પેલા વીલનું કવર સલામત હતું. એને હાશકારો થયો. ચાલો કશી મિસ્ચીફ (બદમાસી) થઈ નથી. નહીં તો શંકા હતી કે ખોવાયેલી ચાવીથી કંઈ કંઈ બની ગયું હોય !

પછી એણે જલદી જલદી એ કવરને બ્રીફકેઈસમાં મૂકીને સ્કૂટર મારી મૂક્યું. તારીખ વગરની સહી કરવા તૈયાર એવા તબીબ પાસે પહોંચ્યો, બહુ ઉતાવળ હતી. તબીબ ડૉક્ટર દેશી બહાર જવાની તૈયારીમાં હતા. પાંચસો રૂપિયા ગજવે

ઘાલીને એમણે કવરમાંથી કાઢીને સામે ધરાયેલા વીલને છેલ્લે પાને સહી કરી આપી અને સિક્કો પણ મારી આપ્યો; પણ એ સિક્કા વચ્ચે નજર ચૂકવીને એમણે પોતાની રોજની સલામતી ખાતર ઝીણા અક્ષરે તારીખ લખી નાખી, જે જરા દૂરથી પણ સહી હોવાનો આભાસ આપે. તારીખ સહી નીચે નહીં, પણ સિક્કો વચ્ચે નીકળે !

ડૉક્ટર દેશી દાદરો ધડાધડ ઊતરીને પોતાની સાઇકલ પર બેસવા જતા હતા... ત્યાં પાછળ એ સાઇકલિયા ડૉક્ટરને રોકતી મણિભદ્રની બૂમ સંભળાઈ. ‘‘અરે, ડૉક્ટર !’’

એક પગ પેડલ પર ને બીજો પગ જમીન પર ટેકવીને થોભાવેલી સાઈકલે ડૉક્ટર દેશીએ પૂછ્યું : ‘‘કેમ શું થયું ? વ્હોટ ઇઝ ધ મેટર ?’’

મણિભદ્રના હાથમાં વીલનાં કાગળિયાં હતાં. એ મૂંઝાયેલો હતો. ચહેરા પર પારાવાર પરેશાની દેખાતી હતી. ડૉક્ટરને ફટકો પડ્યો. સિક્કા વચ્ચે લખેલી તારીખ પર એની નજર પડી ગઈ કે શું ? તો તો પાંચસો પાછા ઓકવા પડશે..

‘‘ડૉક્ટર !’’ મણિભદ્ર નજીક આવ્યો : ‘‘આ એ વીલ નથી કે જેમાં હું તમારી સહી કરાવવા માગતો હતો !’’

‘‘તો ?’’ ડૉક્ટર દેશી ખોટું અંગ્રેજી બોલ્યા : ‘‘આઈ ડઝ માય ડ્યૂટી. બાકી ગોડ નોઝ વ્હોટ ડુ યુ મીનિંગ !’’ (‘મેં મારી ફરજ પૂરી કરી. બાકી ભગવાન જાણે કે તમે શું કરવા માગો છો !’)

મણિભદ્ર દિગ્મૂઢ જેવો ઊભો રહ્યો એટલે ડૉક્ટર દેશીએ સાઇકલના આગલા હેન્ડલમાં પોતાની મેડિસીન બેગ ભરાવીને પેડલ માર્યું. આગલું પૈડું બે-ત્રણ વાર ડાબા-જમણું થઈને ગતિમાં આવી ગયું, ડૉક્ટર દેશીને નસાડી ગયું.

મણિભદ્રે નિઃશ્વાસ નાખ્યો. લોકરમાંથી કવર કાઢ્યું ત્યારે માત્ર ગુસ્સાને ખાતર અને ઉતાવળમાં કવર કાઢીને જોયું નહીં કે મહીં શું હતું! કાગળિયાં હતાં એમ ખાતરી કરી હતી, પણ એ કાગળિયાં કયા હતાં તે જોયું નહીં.

વીલ બદલાયેલું નીકળ્યું ! એ તો કર્ણ અને અર્જુન નામના કુંતીના છોકરાઓના - ફેવરના વીલની અસલ જેવી જ ઝેરોક્સ નકલ હતી.

એના ઉપર ડૉક્ટર દેશીએ સહી કરી આપી હતી !

પણ આ વીલ ક્યારે બન્યું ? અહીં આવ્યું કેવી રીતે ? ચાવી ખોવાઈ ગઈ અને ડૉક્ટર ગજેન્દ્રપ્રસાદ ખુશમિજાજમાં હતા એનું આ રહસ્ય હતું ! ડૉક્ટર બોલ્યા હતાઃ ''હવે મારે લોકરને શું કરવું છે ?'' એનો તીરની અણી જેવો મતલબ આ થતો હતો! અને દોડીને ડૉક્ટરનો ટોટો પીસી નાખવાનું મન થયું.

એ દોડીને ઘર સુધી તો ગયો, પણ દાદરો ચડીને ઉપર આવતાં સુધીમાં તો ઘવાઈને એક તરફ પડેલું એનું શાણપણ ફરી સાજું થઈ ગયું. આવેશ ઓસરી ગયો, કારણ કે એ આવેશને કારણે એને ગુમાવેલો દલ્લો પાછો મળે એમ નહોતું. ડૉક્ટરનો ટોટો પીસી નાખું તો બીજા જ દિવસે સપરિવાર આ મકાનનો દાદરો પણ ઊતરી જવો પડે. આ બદલાવેલા વીલમાં એવી જોગવાઈ હતી. હવે એમને મરાય પણ નહીં ને સતાવાય પણ નહીં. એની મા રતનભદ્રા એને વારંવાર સલાહ આપતી હતી કે સિંહાસનની કોઈ ખીલી ખૂંચે એટલે કંઈ સિંહાસન તોડી ન નખાય. ખીલી કાઢીને ફેંકી દેવાય, પણ સિંહાસનને તોડાય નહીં, ને છોડાય પણ નહીં

આજે એ સિંહાસનમાંથી ખીલી વાગી નહોતી, વીંછી ડંખ્યો હતો. પણ હવે એથી ઉશ્કેરાઈને સિંહાસનને તોડી ન નખાય, એને ફરી સલામત બનાવવાની તજવીજ કરાય. વીંછીને પાછો દાબડીમાં પૂરી દેવાની જ પેરવી કરાય.

એટલે એ દાદરો ચડીને ઉપર ગયો, ત્યાં સુધીમાં તો ચહેરા ઉપર રોજ કરતાં પણ વધારે સ્વસ્થતાને એણે પાથરી. વળી એ ઓછું લાગ્યું હોય એમ મીઠું સ્મિત પણ ગોઠવી લીધું, પછી એ ડૉક્ટરની રૂમમાં ગયો. જઈને બ્રીફકેઈસ ટિપાઈ પર મૂકી.

ડૉક્ટર વાંચવામાં મગ્ન હતા, છતાં આંખો ઊંચી કરીને ''દીકરા'' સામે જોયું, જોઈ લીધું.

''આજ તો હવે...'' ડૉક્ટરે અચાનક જ અણધાર્યો સવાલ પૂછ્યો : ''હવે વ્હીસ્કી પીવા મળશે ને ?''

મણિભદ્ર જાણે કે ઊભો ને ઊભો સળગી ગયો. આ ચામડું ચીરી નાખનારા મેણાના જવાબમાં ડૉક્ટરને એક જોરદાર થપ્પડ ઝીંકી દેવાનું એને મન થયું.

પણ ફરી એ વખત વરતી ગયો. હસીને બોલ્યો : ''આજે તો મારે પણ જરૂર છે બાપુજી, હું પણ પીશ.''

રાતે બે કલાક સુધી બંનેએ સાથે બેસીને પીધું. પણ પેલી વીલવાળી વાત બંનેમાંથી એકેના મોંએ પણ આવી નહીં. લગભગ મૂંગામૂંગા જ 'સેશન' ચાલી.

પાતાળમાં મહાભૂકંપ હતો, પણ જળની સપાટી તો શાંત જ દેખાતી રહી.

*(ક્રમશઃ)* ■

## માતુશ્રી કાંતાબેન ચુનીલાલ ગગલદાસ શાહ (સેરીસા)ના સૌજન્યથી

# જીવદયા

- રૂા. ૪,૮૯,૩૦૦/- રૂપિયાની દવાઓ અબોલ પ્રાણીઓ માટે વાપરવામાં આવી.
- મુંબઈમાં ટ્રાફિકથી ધમધમતા માર્ગ પર અકસ્માત નડતા ૧૯ પશુ-પક્ષીઓને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા.

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ઈન્દિરાબેન અને નરેન્દ્રભાઈ શાહની ૫૬મી લગ્નવર્ષગાંઠ નિ. | | પ્રભાદેવી | ૫,૦૦૦/- |
| સુરેશ છાબરિયા | | સાંતાક્રુઝ | ૩,૦૦૦/- |
| કિર્તીદા મહેન્દ્ર શાહ | મુંદ્રા | મુલુંડ | ૨,૫૦૦/- |
| કિર્તીલા જગદીશચંદ્ર શાહ હ. દીપા જગદીશચંદ્ર શાહ | | વાલકેશ્વર | ૨,૦૦૦/- |
| લોપા અજય મહેતા | | કાંજુરમાર્ગ | ૨,૦૦૦/- |
| કસ્તુરબેન કલ્યાણજી ગાલા | | મલાડ | ૧,૧૦૦/- |
| પ્રજ્ઞા હરેશ નીસર | | મલાડ | ૧,૧૦૦/- |
| ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૧,૧૦૦/- |
| દિશા અશોક પરમાર | | દાદર | ૧,૦૦૦/- |
| ક્રિશ મુકેશ છેડા | | વડાલા | ૧,૦૦૦/- |
| માતુશ્રી દેવકાબેન લાલજી વીરા નુતન ગૃહ વાસ્તુ નિ. | નવાવાસ | થાણા | ૧,૦૦૦/- |
| શ્રીમતી રતનબેન નેમચંદ વીરા નુતન ગૃહ વાસ્તુ નિ. | નવાવાસ | થાણા | ૧,૦૦૦/- |

# પર્વાધિરાજ પર્યુષણ

**- હેમાબેન વીરા** *(ગામ-બેરાજા)*

પર્યુષણ પર્વ તો તપ કરવાનો, ત્યાગ કરવાનો અને અહિંસાનું પાલન કરવાનો પર્વ છે. સંસારના ધમાલ અને ધાંધલમાંથી સદંતર નિવૃત્તિ લેવાની છે. પ્રભુ દર્શન, વંદન અને પૂજનમાં મન, વચન અને કાયાથી ધ્યાનપૂર્વક જોડાઈ રહેવાનું છે.

પર્વાધિરાજ પર્યુષણની સાચી આરાધના ત્યારે થઈ શકે જ્યારે આપણે અંતરમાં એની અનન્યતાનો અહેસાસ હોય. સામાન્ય રીતે પર્વમાં બાહ્ય ઉજવણી થતી હોય છે, દેહને શણગારવામાં આવતો હોય છે. દિવાળીના પર્વમાં આપણે કેટકેટલા બાહ્ય આનંદના રંગે ચંગે ઉત્સવ કરીએ છીએ. હોળીમાં અબીલગુલાલ ઉડાડીએ છીએ. જ્યારે પર્યુષણ પર્વ માનવીના ભીતર સાથે જોડાયેલું પર્વ છે.

હૃદય શુદ્ધિ, ચિત્ત શુદ્ધિ અને આત્મ શુદ્ધિ દ્વારા એ આત્મા આનંદની દિવાળી ઉજવે છે. જીવનમાં અન્ય પર્વ આવે ને ચાલ્યા જાય જ્યારે પર્યુષણ પર્વ આત્મ સંલગ્ન હોવાથી વ્યક્તિમાં મૂળગામી, આત્મલક્ષી પરિવર્તન લાવે છે. એ વ્યક્તિને અજ્ઞાનમાંથી સમ્યક્‌જ્ઞાન તરફ, વિભાવમાંથી અને ઉપાધિમાંથી સમાધિ તરફ લઈ જતું પર્વ છે.

પર્યુષણના ઉત્સવમાં પ્રકાશનો અનુભવ થતો હોય છે અને પ્રકાશને પરિણામે અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય છે. અનંતકાળથી આત્મા મિથ્યાત્વ, કષાય અને મોહમાં વસતો રહ્યો છે હવે એને ખ્યાલ આવે છે કે મારે મારા આત્માની સમીપ જવાનું છે. લૌકિક પર્વથી શરીરને પોષણ થાય છે, મનને આનંદ મળે છે. જ્યારે પર્યુષણમાં તપ કરવાથી આત્માના ઉચ્ચ ભાવોનું પોષણ પામીને વ્યક્તિ ચેતનામય જ્યોતિ સુધી યાત્રા કરે છે.

કેટલાક પર્વ વિજયસૂચક હોય છે. વિજ્યા દશમી જેવા પર્વની મહિમા એમાં મળેલા વિજય પર હોય છે. જ્યારે પર્યુષણ એ બહારના જય પરાજય ને બદલે આત્મા વિજયની વાત કરે છે. આથી આ પર્વની અનન્યતાને કારણે એ પ્રત્યેક

વ્યક્તિને માટે અંગત, આગવું અને અલાયદા અનુભવ કરાવનારું બની રહે છે. એ દેહ અને મનને મહેકાવીને આત્મા સુધી પહોંચી જાય છે અને વ્યક્તિ આત્મહિત, આત્મપ્રિય અને આત્મસંલગ્ન બને છે.

આમ પર્યુષણ પર્વ એ ભીતરનું પર્વ હોવાથી આત્માના એકાંતમાં પ્રકાશ પ્રાપ્તિની ઝંખનાનું પર્વ છે. પર્વાધિરાજ પર્યુષણનો બાહ્યમાંથી ભીતરમાં જવાનો સંદેશ સમ્રાટ અશોકના પૌત્ર સમ્રાટ સંપ્રતિના જીવનમાં જોવા મળે છે. જગતના સર્વ કાલીન મહાન રાજવીઓમાં ગૌરવભર્યું સ્થાન ધરાવનારને ઈરાન અને અરબ સ્થાન જેવા દેશોમાં વિજય મેળવનાર સમ્રાટ સંપ્રતિ વિજયી બનીને પાછા આવ્યા ત્યારે, એની માતાના ચહેરા પર ઘોર વિષાદ હતો. મહારાજ સંપ્રતિએ માતાના આવા દુઃખનું કારણ પૂછતા એમની માતાએ કહ્યું કે, ‘‘સામ્રાજ્યના વિસ્તારના લોભ માટે તેં એટલો બધો સંહાર કર્યો, જરા બાહ્ય દૃષ્ટિ છોડીને ભીતરમાં જો એને બદલે તે ચિત્તને પાવન કરવા જૈન મંદિરો રચ્યા હોત, જૈન મંદિરોનું નિર્માણ કરાવ્યું હોત, મંદિરના જિર્ણોદ્ધાર કરાવ્યો હોત તો મારું હૃદય અપાર પ્રસન્નતાનો અનુભવ કરત.’’ અને માતાની ભાવનાને અનુરૂપ સમ્રાટ સંપ્રતિએ જીવનકાળમાં સવા લાખ જિન મંદિરો અને સવા કરોડ જિનબિંબ ભરાવી, માતાની ભાવનાને સાર્થક કરી, આમ ભીતરની ભાળ મેળવી ચીરકાળ સુધી ટકનાર આનંદની પ્રાપ્તિ કરાવી છે.

પર્યુષણ પર્વના દિવસો એ આત્માના શુભ ભાવો તરફ પ્રયાણ કરવાના દિવસો છે, કારણ કે જૈન ધર્મ એ આત્માનો ધર્મ છે. સંયમ એની લિપિ છે અને અહિંસા એનો મૂળ છે, અનેકાંત એની પરિભાષા છે. આત્માને જાણવો અને ઓળખવો અને એને માટે અગણિત પ્રયત્નો કરવા એ એના અનેકાંતનું મૂળ છે. દેહ અને આત્મા એટલા એકાકાર થઈ ગયા છે કે ઘણીવાર દેહને જ મહત્વ આપી દેવામાં આવે છે. દેહના સુખ માટે રાત-દિવસ પ્રયત્ન કરવામાં આવે છે અને આત્માને ઉપેક્ષા થાય છે.

આમ, પર્યુષણ એ માત્ર પર્વ નથી, પરંતુ પર્વાધિરાજ છે. પર્યુષણ પર્વનો બીજો અર્થ છે સમસ્ત પ્રકારે વસવું, પરંતુ પર્યુષણનો લાક્ષણિક અર્થ છે આત્માની




સમીપ વસવું. આત્મવિજય માટે આત્મ ઓળખ અનિવાર્ય છે. એ આત્મ તત્ત્વને જોવા માટે એકાંત અને શાંતિ જોઈએ. બાહ્ય પ્રવૃત્તિથી નિવૃત્તિ જોઈએ અને એ નિવૃત્તિમાં આત્મવિશ્લેષણની આંતરપ્રવૃતિ જોઈએ.

માનવના જીવનમાં શ્રેય અને શ્રેયનો નશ્વર અને વિનશ્વરનો વિવેક હોવો જોઈએ. પર્વાધિરાજ પર્યુષણ સમયે મનને શુદ્ધ કરી વિષયોને જીતવાનો પ્રયત્ન હોય છે. નિર્મળતા વગર આત્માની સમીપ જઈ શકાતું નથી અને અંતરશુદ્ધિ વિના એનો સંપર્ક સંધાતો નથી.

પ્રતિ વર્ષ આવતું પર્વાધિરાજ પર્યુષણ એ તો આત્મશુદ્ધિનો પર્વ છે. આત્મશુદ્ધિ માટે સતત જાગૃતિ જોઈએ અને એ સતત જાગૃતિ માટે પ્રતિ વર્ષ પર્વાધિરાજ પર્યુષણ આપણા ભીતરમાં રહેલા આત્માને જગાડે છે અને વિશેષ તો એ પર્વાધિરાજ પર્યુષણ વખતે વ્યક્તિ આત્મલક્ષી અને આત્મમગ્ન બને છે.

લૌકિક પર્વથી માનવીના શરીરનું પોષણ થાય છે જ્યારે પર્યુષણ પર્વથી માનવીના મનનું પોષણ થાય છે. તપ, જપ, મૈત્રી અને ક્ષમા દ્વારા એ પોતાના ભીતરની ચેતનામય જ્યોતિ સુધી પહોંચે છે. અનંતકાળથી જે આત્મા, મિથ્યાત્વ, કશાય, મોહ અને અજ્ઞાનમાં વસતો રહ્યો છે. માનવીએ એનું જીવન કેવું છે અને એનો આત્મા ક્યાં છે એની પણ જાણ નથી. આવા સમયે પર્યુષણ પર્વ એ માનવીને આત્મહિત, આત્મસંલગ્ન, અને આત્મપ્રિય બનાવતું પર્વ છે.

આપણે ગુરુદેવોના મુખેથી સાંભળ્યું હશે જે રીતે કેરીના હૃદયમાં છુપાયેલી ગોટલીમાં એક વિશાળ આંબાનું વૃક્ષ છુપાયું છે, એ રીતે માનવ તારી કાયામાં પરમાત્મા વસેલા છે એને તું શોધી લે.

મારા પ્રિય વાંચકો તમને બધાને મારા મિચ્છામી દુક્કડમ્... ■

# શ્રી નરેન્દ્ર મોદીના નવ સંકલ્પ

**(૧) પાણી બચાવો :** તમારામાંથી ઘણાં લોકો મહુડીની યાત્રા પર ગયા હશે. ત્યાં બુદ્ધિ સાગર મહારાજે ૧૦૦ વર્ષ પહેલાં કહ્યું હતું તે લખેલું છે. 'કરિયાણાની દુકાનોમાં પાણી વેચાશે.' આજે આપણે એ ભવિષ્ય જીવી રહ્યા છીએ. આપણે દરેકે પાણીના ટીપાનું મહત્ત્વ સમજવું પડશે. દરેક ટીપાને બચાવવાની આપણી ફરજ છે.

**(૨) માતાને નામ એક વૃક્ષ :** છેલ્લા કેટલાક મહિનામાં દેશમાં ૧૦૦ કરોડથી વધુ વૃક્ષ વાવવામાં આવ્યા છે. હવે દરેક વ્યક્તિએ પોતાની માતાને નામે એક વૃક્ષ વાવવું જોઈએ અને માતાના આશીર્વાદ મુજબ એનું જતન કરવું જોઈએ.

જ્યારે મને ગુજરાતની ધરતી પર સેવા કરવાની તક તમે લોકોએ આપી હતી ત્યારે મેં એક પ્રયોગ કર્યો હતો. મેં તારંગાજીમાં એક તીર્થંકર વન બનાવ્યું હતું. તારંગાજી ઉજ્જડ સ્થિતિમાં છે. જે પ્રવાસીઓ આવે તેમને બેસવાની જગ્યા મળે અને આ તીર્થંકર જંગલમાં જે વૃક્ષ નીચે આપણા તીર્થંકર બેઠા હતા એ વૃક્ષ શોધીને રોપવા માંગતો હતો. મેં પ્રયત્નોમાં કોઈ કમી રાખી નથી. પણ કમનસીબે હું કેવળ ૧૬ વૃક્ષ જ ભેગાં કરી શક્યો. ૮ વૃક્ષની વિગત મળી જ નહીં. જે વૃક્ષ નીચે તીર્થંકરો ધ્યાન કરતા હતા એ લુપ્ત થઈ જાય તો શું આપણા હૃદયમાં કોઈ વેદના ન થાય? તમે પણ નક્કી કરો કે હું એ વૃક્ષ વાવીશ જે નીચે કોઈ તીર્થંકર બેઠા હતા અને એ વૃક્ષ હું મારી માતાને નામે વાવીશ અને એનું જતન પણ કરીશ.

**(૩) સ્વચ્છતા મિશન :** સ્વચ્છતામાં સૂક્ષ્મ અહિંસા છે. હિંસાથી મુક્તિ છે. આપણી દરેક શેરી, વિસ્તાર, સ્વચ્છ હોવા જોઈએ. દરેક વ્યક્તિએ એમાં પોતાનું યોગદાન આપવું જ રહ્યું.

**(૪) લોકલ માટે વોકલ :** એક કામ કરો, ખાસ કરીને મારા યુવાનો, દીકરીઓ, યુવાન મિત્રો સવારે ઉઠવાથી લઈને રાત્રે સૂવા સુધી તમે જે કોઈ વસ્તુઓ વાપરો છો – બ્રશ, કાંસકો, અત્તર, સાબુ વગેરેની એક યાદી બનાવો. એમાંથી કેટલી વસ્તુઓ વિદેશી તમારા જીવનમાં પ્રવેશી છે એ જોઈને તમે પોતે

આશ્ચર્યચકિત થઈ જશો. પછી તમે નક્કી કરો આ અઠવાડિયે હું એમાંની ત્રણ વસ્તુનો ત્યાગ કરીશ. બીજે અઠવાડિયે બીજી ત્રણ - એમ કરતાં કરતાં એની સાથે એક નવકાર મંત્રનો જાપ કરો - અને વધુ ને વધુ જાપ કરો ને વસ્તુઓ ઘટાડતા જાઓ. જ્યારે હું કહું છું કે 'વોકલ ફોર લોકલ' (Vocal for Local) ભારતમાં બનેલી વસ્તુઓ જે સમગ્ર વિશ્વમાં અને ભારતમાં વેચાય છે. આપણે સ્થાનિકને વૈશ્વિક બનાવવું પડશે. આપણે એવા ઉત્પાદનો ખરીદવા પડશે જેમાં ભારતીય પરસેવાની સુગંધ અને ભારતીય માટીની સુવાસ હોય.

**(૪) સ્વદેશ ભ્રમણ :** તમે દુનિયાભરમાં ફરવા જઈ શકો છો પણ પહેલાં તમારા ભારતને જાણો. તમારા ભારતમાં દરેક રાજ્યમાં દરેક સંસ્કૃતિ, દરેક ખૂણો, દરેક પરંપરા અદ્ભૂત છે, અમુલ્ય છે. આપણે એ નહીં જોઈએ અને કહીએ કે દુનિયા એને જોવા આવે તો એમ તો કેમ ચાલે? આપણે આપણા બાળકોને મહાનતા નહીં આપીએ તો પછી પડોશના કોણ આપશે?

**(૬) કુદરતી ખેતી :** જૈન ધર્મમાં કહેવાય છે 'જીવો જીવસ્ય નો હન્તાઃ' એક જીવ બીજા જીવનો ખુની ન બનવો જોઈએ. આપણી ધરતીમાતાને રસાયણોથી મુક્ત કરવી પડશે. આપણા ખેડૂતો સાથે ઊભા રહેવું પડશે. કુદરતી ખેતીનો મંત્ર દરેક ગામમાં લઈ જવો પડશે.

**(૭) સ્વસ્થ જીવનશૈલીઃ** ખોરાકમાં ભારતીય પરંપરા તરફ પાછા ફરવું પડશે. બાજરી-જુવાર શ્રીઅન્ન શક્ય એટલી વધુ થાળીમાં હોવી જોઈએ અને સ્થૂળતા દૂર કરવા માટે ખોરાકમાં ૧૦% તેલ ઓછું કરવું જોઈએ. પૈસા પણ બચશે ને કામ પણ થશે.

**(૮) યોગ અને રમતગમતઃ** આઠમો સંકલ્પ છે જીવનમાં યોગ અને રમતગમતનો સમાવેશ કરવો. ઘર હોય કે ઓફિસ, સ્કૂલ હોય કે મેદાન, આપણે રમવું અને યોગ કરવો એ આપણા જીવનનો એક ભાગ બનાવવો પડશે.

**(૯) ગરીબને મદદ :** જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાનો ઠરાવ છે. કોઈનો હાથ પકડીને, કોઈની થાળી ભરીને તો જુઓ, કેટલો હરખ હૃદયમાં આવશે. આ જ ખરી સેવા છે.

આપણને આ નવ સંકલ્પ નવી ઊર્જા આપશે. આપણી નવી પેઢીને એક નવી દિશા મળશે અને આપણા સમાજમાં શાંતિ, સંવાદિતા અને કરૂણા વધશે.■

શાંતિથી કામ કરવાથી પરિણામ હંમેશા શ્રેષ્ઠ આવે છે.

## ગત મહિનામાં સંસ્થાએ કરેલ પ્રવૃત્તિનો ચિતાર

- **અન્નક્ષેત્રે ભોજનના ૧૭ કાર્ડ અને હલ્દી દૂધના ૮ કાર્ડ બનાવી આપ્યા.**
- **૧૫૩ કેન્સરગ્રસ્ત દર્દીઓના પરિવારોમાં અનાજ વિતરણ કરવામાં આવ્યું.**
- **પ્રતિદિન ૭૨૫ દર્દીઓને ફળનું વિતરણ કરવામાં આવ્યું.**
- **૪ દર્દીઓને બ્લડ માટે સહાય કરવામાં આવી.**
- **૮ દર્દીઓને રહેવાની સગવડ કરી આપવામાં આવી.**
- **૭ દર્દીઓને અલગ અલગ ટ્રસ્ટમાં સારવાર માટે અપીલ લેટર બનાવી આપવામાં આવ્યા અને અન્ય સંસ્થાઓમાંથી સારો એવો પ્રતિસાદ મળ્યો.**
- **કેન્સરના દર્દીઓને રૂ. ૮,૯૯,૫૦૦/-ની દવા લઈ આપવામાં આવી.**
- **અન્ય દર્દીઓને રૂ. ૩,૮૦,૨૦૦/-ની દવાઓ આપવામાં આવી.**
- **અપંગ વ્યક્તિઓને ૫ વૉકર, ૩ વૉકિંગ સ્ટીક, ૪ કમોડચેર, ૩ વ્હિલચેર, ૪ પલંગ, ૩ ઓક્સિજન મશીન અને ૪ ઓક્સિજનના બાટલા આપવામાં આવ્યા.**
- **૭ વ્યક્તિઓને કેન્સર જણાતા એમની ફાઈલ બનાવી આપવામાં આવી.**
- **૨૭ દર્દીઓએ ફ્રી એમ્બ્યુલન્સ સેવાનો લાભ લીધો.**
- **૭ દર્દીઓને કોલોસ્ટોમી બેગ રાહતના દરે આપવામાં આવી.**
- **૨ લાવારિશ કેન્સરગ્રસ્ત દર્દીઓની કફન-દફન વિધિ કરવામાં આવી.**
- **રસ્તામાં બેહાલ સ્થિતિમાં પડી રહેલા ૪ વ્યક્તિઓને વૃધ્ધાશ્રમમાં ભરતી કરવામાં આવી.**

❖ ❖ ❖

માઝા મુકતી મોંઘવારી, અસહ્ય બનતી સારવાર, કપરી પરિસ્થિતિમાં ગરીબી અને બે છેડા ભેગા કરવા મુશ્કેલ હોય છે. એવી પરિસ્થિતિમાં આપ દિલેર દાતા રણમાં વીરડી સમાન લાગો છો. અહીં આપેલ પ્રવૃત્તિઓમાં સાથ સહકાર આપવા વિનંતી :

| | |
|---|---|
| જમાડવાનો એક દિવસનો ખર્ચ | ₹ ૨૫,૦૦૦/- |
| અનાજનો એક દિવસનો ખર્ચ | ₹ ૨,૫૦૦/- |
| કેન્સર સારવાર | ₹ ૨૫,૦૦૦/- |
| દવા માટે | ₹ ૧૦,૦૦૦/- |
| કેમોથેરેપી સારવાર માટે | ₹ ૪૦,૦૦૦/- |
| વ્હિલચેર | ₹ ૬,૫૦૦/- |
| કાખઘોડી | ₹ ૬૦૦/- |
| વોકર | ₹ ૧,૨૦૦/- |
| કાનનું મશીન | દાતાના સહાયથી |
| એમ્બ્યુલન્સ | ₹ ૧,૦૦૦/- |

વાનગી વિશેષ **પર્યુષણ ઉપયોગી** -વિસરાતી જતી વાનગી

# ગરમાણું

**- આશાબેન દસોંદી (માટુંગા)**

**સામગ્રી :**

- ૧ ચમચો ઘી
- ૧ ચમચો ઘઉંનો લોટ
- ૧ કપ દૂધ
- ૨ ચમચા ખાંડ અથવા દેશી ગોળ
- ૧/૨ ચમચી એલચીનો પાવડર
- ૧/૨ ચમચી જાયફળનો પાવડર
- ૧ ચમચો કાજુ બદામની કતરણ
- થોડી ગુલાબની પાંખડી-સજાવટ માટે.

**રીત :** એક પેનમાં ઘી લો. ઘી ગરમ થાય એટલે એમાં ઘઉંનો લોટ શેકો. બદામી ઘેરો રંગ થાય એટલે એમાં એક કપ નવશેકું દૂધ નાંખી સતત હલાવતા રહો. ગાંઠા ન પડવા જોઈએ.

પછી એમાં ખાંડ કે ગોળ નાંખી હલાવો. છેલ્લે એલચી પાવડર અને જાયફળ પાવડર નાંખી સરસ ઉકાળો. પીરસતી વખતે ઉપર કાજુ-બદામની કતરણ અને ગુલાબની પાંખડીથી સજાવો.

આ ગરમાણું ઠંડુ કે ગરમ બંને રીતે પીરસી શકાય. પૂરી જોડે ખાવાની મજા આવશે. વધુ પૌષ્ટિક બનાવવા માટે એમાં બદામ કે અખરોટનો પાવડર કરી નાંખી શકાય. ■

★ **જિનપૂજાથી ક્યા આઠ કર્મનો નાશ થાય ?**

| | | |
|---|---|---|
| ૧. **ચૈત્યવંદન** | - | *જ્ઞાનાવરણીય કર્મનો નાશ* |
| ૨. **પ્રભુદર્શનથી** | - | *દર્શનાવરણીય કર્મનો નાશ* |
| ૩. **જયણા પાળવાથી** | - | *વેદનીય કર્મનો નાશ* |
| ૪. **પ્રભુ ગુણ ગાવાથી** | - | *મોહનીય કર્મનો નાશ* |
| ૫. **રૂપસ્થ અવસ્થા ભાવવાથી** | - | *નામ કર્મનો નાશ* |
| ૬. **પ્રભુ આગળ દાસપણું સ્વીકારવાથી** | - | *ગોત્રકર્મનો નાશ* |
| ૭. **વિધિપૂર્વક પૂજા કરવાથી** | - | *અંતરાયકર્મનો નાશ* |
| ૮. **આત્માનું અવિનાશીપણું વિચારવાથી** | - | *આયુષ્યકર્મનો નાશ* |

## બાળકેકારવ

# સાચું જ્ઞાન

એક સુંદર જંગલ હતું. તેમાં અનેક પશુઓ રહેતાં હતાં. સિંહ પણ રહે અને વાંદરા પણ રહે, હાથી રહે તો હરણ પણ રહે, સાપ રહે અને સસલાં પણ રહે.

એક ઝાડ પર બે વાંદરા રહેતા હતા. એક વાંદરો યુવાન હતો અને બીજો વૃદ્ધ હતો. તે જંગલમાં એક ભૂખ્યો સિંહ શિકાર શોધતો હતો. ફરતાં ફરતાં એ આ ઝાડ પાસે આવ્યો અને એણે બે વાંદરા જોયા. હવે ઝાડ પર તો સિંહથી પહોંચી શકાય એમ નહોતું પણ બુદ્ધિમાન સિંહે વાંદરાને પકડવાની એક યુક્તિ શોધી કાઢી.

ઉનાળાની ભર બપોર હતી. ઝાડ પરના વાંદરાનો પડછાયો નીચે પડતો હતો. સિંહે જોયું કે પેલો વૃદ્ધ વાંદરો પોતાની છાયાની ચેષ્ટાને જ પોતાની માની રહ્યો હતો. સિંહે તો વાંદરા સામે નજર કરીને એક ગર્જના કરી અને વાંદરાના પડછાયા પર જોરથી પંજો માર્યો. ''સિંહે મને પકડ્યો' સમજીને એ મૂરખ વાંદરો ભયથી ચીચીયારી પાડતો નીચે પડ્યો અને સિંહના પંજામાં પકડાઈને મરણ પામ્યો. પણ બીજો યુવાન વાંદરો તો ઊંચા ઝાડ પર નિર્ભયપણે બેસી રહ્યો અને ત્યાં બેઠા બેઠા સિંહની ચેષ્ટા જોયા કરી.

એ યુવાન વાંદરાએ વિચાર કર્યો કે બીજો વાંદરો નીચે પડીને કેમ મરી ગયો અને હું કેમ ન મર્યો. વિચાર કરતાં એણે શોધી કાઢ્યું કે વૃદ્ધ વાંદરાએ નીચેની છાયાને પોતાની માની એટલે છાયા પર સિંહનો પંજો પડતાં જ એ અજ્ઞાનતાથી ભયભીત થઈને નીચે પડ્યો ને સિંહનો શિકાર બન્યો.

હવે એણે વિચાર્યું કે, ''આ સિંહે વૃદ્ધ વાંદરાને મૂર્ખ બનાવ્યો તો હું પણ એને તેની મૂર્ખતા બતાવીને બોધ આપું.'' એમ વિચારીને એ બોલ્યો, ''સિંહ કાકા, તમે પણ એવી જ મૂર્ખાઈ કરી રહ્યા છો જે આ વૃદ્ધ વાંદરાએ કરી,

પણ તમે તો આ વનના રાજા છો. થોડે દૂર બીજો એક સિંહ પણ આવ્યો છે એ કહે છે કે એ આ જંગલનો રાજા છે. ગુસ્સાથી સિંહે કહ્યું, ‘‘મારી સત્તાને લલકારનાર આ બીજો સિંહ કેવો? ચાલ બતાવ એ ક્યાં રહે છે એટલે હું એની ખબર લઉં?’’

ત્યારે યુવાન વાંદરાએ કહ્યું, ‘‘કાકા, એ થોડે દૂર કુવામાં જ રહે છે!’’ આ સાંભળી સિંહ તો દોડ્યો કુવા પાસે. જઈને જોયું તો પોતાના જેવો જ સિંહ દેખાયો. એ હતી તો એની પોતાની જ છાયા, એ કંઈ સાચો સિંહ ન હતો. પણ સિંહ તો ગુસ્સામાં હતો. એણે એ છાયાને પોતાની જ સમજીને ક્રોધથી અંધ થઈને તેને મારવા કુવામાં કૂદકો માર્યો અને ડૂબી ગયો.

**વાર્તાનો સાર : આ રીતે સિંહ અને વાંદરાની જેમ અજ્ઞાની જીવો આ છાયા જેવા શરીરને પોતાનું માનીને સંસારમાં જન્મ-મરણ કર્યા કરે છે અને ભવના કુવામાં પડીને દુઃખી થાય છે. પણ જો સાચું જ્ઞાન કરે અને શરીરથી જૂદું પોતાનું સ્વરૂપ જાણે તો તેને જન્મ-મરણ થાય જ નહીં.** ■


## સિંધવ મીઠું : આરોગ્યપ્રદ મીઠું

સમુદ્રી સફેદ મીઠા કરતાં પહાડી સફેદ મીઠામાં અનેક ઔષધિ ગુણો છે. સફેદ સમુદ્રી મીઠું જે આપણે રોજિંદા આહારમાં વાપરીએ છીએ, જે હાઈબ્લડપ્રેશર અને એને લગતી અનેક વ્યાધિઓને નોતરે છે. કેન્સર જેવી ઘણી બિમારીઓમાં જ્યારે સાદું મીઠું ખાવાની મનાઈ હોય છે અને વૈષ્ણવ લોકોના ઉપવાસમાં જ્યાં સાદું મીઠું વપરાતું નથી ત્યાં દરેક જગ્યાએ પહાડી સિંધવ મીઠું વપરાય છે.

**દર્દીઓના લાભાર્થે સિંધવ મીઠું - ૫૦/- રૂા. કિલો**
**ગાયનું શુદ્ધ ઘી ૬૫૦/- રૂા. કિલો**
**કાચી ઘાણીનું શિંગતેલ - ૩૮૦/- રૂા. કિલો**

**‘જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ’** માંથી દરેક વ્યક્તિઓને મળી શકશે.
ફક્ત વાપરનાર વ્યક્તિઓ જ આ યોજનાનો લાભ લે. સમય : (૧૧ થી ૫) (રવિવાર બંધ)
સરનામું : ૫/૬, કોંડાજી ચાલ, જેરબાઈ વાડિયા રોડ, ટાટા હોસ્પિટલની બાજુમાં, પરેલ, મુંબઈ-૧૨.
ટેલી : ૯૮૬૯૨૦૬૪૦૦.

# પર્યુષણ પ્રતિક્રમણ



કર્મની મટકી તૂટે - ભવોભવના કષાય છૂટે

તમને ખબર છે. આપણી કર્મની મટકી ફૂટશે

તો એમાંથી શું નીકળશે?

ક્રોધ, લોભ, માન, કપટ જેવા કષાયો

આ બધા કષાયો તિર્યંચ ગતિના મૂળને પાણી આપે છે. એનો છોડ ઊગી જાય એ પહેલાં ચાલો આ કષાય કર્મની મટકીને આપણામાંથી ફોડી નાંખીએ.

દશવૈકાલિક સુત્રમાં ભગવાને પણ આ કષાયોને દૂર કરવાની આજ્ઞા આપી છે તો ચાલો કર્મોની નિર્જરા કરીએ અને

ક્રોધ કષાયને ક્ષમામાં

લોભ કષાયને દાનમાં

માન કષાયને માનવતામાં

કપટ કષાયને સત્યનિષ્ઠામાં પરિવર્તિત કરીએ.

**'મિચ્છામી દુકકડમ્.'** ■

*ડિઝાઈનીંગ અને ટાઈપસેટીંગ* : **સમીર પારેખ, ક્રિએટીવ પેજ સેટર્સ,** ગોરેગામ, મુંબઈ

## તસ્વીર બોલે છે વિગ ડોનેશનની



સમાજ અનેક પ્રકારે જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેઅર ટ્રસ્ટને પોતીકુ ઘણી અવનવી રીતે મદદરૂપ થતું રહે છે. વાળ એ સ્ત્રીનું સૌંદર્ય છે. પરંતુ જ્યારે કેમોથેરાપીની સારવાર દરમ્યાન કેન્સરગ્રસ્ત મહિલાના વાળ ખરી પડે ત્યારે તેના ચહેરાનું સૌંદર્ય જતું રહે છે. ધન્ય છે સમાજની વીર વિરાંગનાઓને જે પોતાના વાળ જીવન જ્યોત સંસ્થામાં દાનમાં આપે છે. એ વાળમાંથી બનેલી વિગ મેળવી આનંદિત થયેલી કેન્સરગ્રસ્ત મહિલા.

## તસ્વીર બોલે છે અનુકંપાદાનની



આપના ઘરોમાંથી આવેલ સુંદર, નયનરમ્ય ડ્રેસ મેળવી મહિલા કેન્સરગ્રસ્ત દર્દીના ચહેરા પર ખુશીની લહેરખી દેખાઈ રહી છે.

RNI. MAHGUJ/2008/39251 Post Reg. MCE/163/2024-26.
Licence to Post Without Prepayment No. MR/TECH/WPP-185/EAST/2024-26.
Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai- 400 001
Published and Posting on 15th of every month.



To,




## તસ્વીર બોલે છે જલારામ અન્નદાનક્ષેત્રની




સંસ્થા તરફથી જલારામ અન્નદાનક્ષેત્ર અંતર્ગત બહારગામથી આવતા નિર્ધન નિરાશ્રિત દર્દીઓ અને બરદાસીઓને દરરોજ નિઃશુલ્ક શુદ્ધ અને સાત્વિક ભોજન આપવામાં આવે છે. દાતાના જન્મદિવસ નિમિત્તે શીરા સાથે મિષ્ટાન ભોજન મેળવી રહેલા દર્દીઓ દ્રષ્ટિમાન થઈ રહ્યા છે.

Printed, Published, Edited & Owned by - **Mr. H. K. Savla,** Published from **Jeevan Jyot Cancer Relief & Care Trust,** 3/9, Kondaji Chawl, Jerbai Wadia Road, Near Tata Hospital, Parel, Mumbai - 400 012. & Printed at **P. H. Printer,** 18-P, D. L. Jain Compound, Opp. Voltas Ltd., 64, Dr. B. A. Road, Chinchpokli (E), Mumbai 400 012 ***Editor*** : **H. K. Savla**